**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦


- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી કલ્યાણ ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧.


### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.


- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનનીય સહાય | તંત્રી | ૩ |
| કર્તવ્યનું અનુષ્ઠાન | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૧૨ |
| શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી | શ્રી યોગેશ્વરજી | ૨૩ |
| પ્રકાશના પંથે ગ્રંથનું પ્રકાશન પર્વ | ડો. બી. જે જાગાણી | ૧૯ |
| શ્રી શ્રી મા શારદાદેવી—(૧૧) | પ્રો. અરુણિકા મનોજ દરૂ | ૩૫ |
| પ્રથમ ભારતીય યોગાસન સ્પર્ધા | ડો. બી. જે જાગાણી | ૪૨ |
| રોગનિદાન યજ્ઞનિમિત્તે પૂ. માનો સંદેશ | — | ૫૦ |
| પોલિયો કેમ્પ | રાજુભાઇ જાની | ૪૮ |
| 'પ્રકાશના પંથે—સ્વરૂપ અને સિદ્ધિ—(૩) | ડો. મનોજ દરૂ | ૫૨ |
| પૂર પીડિતોને સર્વમંગલ ટ્રસ્ટદ્વારા સહાય | સેવક ટ્રસ્ટી | ૬૦ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |


### ભક્તિસુધા

"ક્યારે મુજ મન પ્રેમથી, કરશે પ્રભુનું ધ્યાન?
દુર્ધ્યાનો ત્યજી પ્રભુ વિષે, થશે કદા એકતાન? ૩૪
કદા ગિરા પ્રભુસ્મરણમાં, થઇ રે'શે એકતાર?
બીજું બકવું મૂકશે? ગણીને સર્વ અસાર. ૩૫
મહિમા સમજી પ્રભુતણો, સમરણ ક્યારે થાય?
અન્ય બોલવું નવ ગમે, જપમાં પ્રેમ જણાય. ૩૬

**(મહારાજશ્રીનથુરામશર્મા)**

## ❋ અભિનંદનીય સહાય ❋

વિદેશની ધરતી ઉપર યુવાનીમાં ભગતરામ જેવું નિજાનંદે મસ્ત જીવન જીવનારને, આજ્ઞાંકિત, સમજુ, મીત-ભાષી, શ્રદ્ધાળુ ગૃહદેવી મળ્યાં છે.

એ દંપતી શ્રી BHRના ગૃહસ્થા-શ્રમમાં દાનની ગુપ્તગંગા પણ સતત વહેતી રહી છે.

અધ્યાત્મનો આ અંક એ એમની ગુપ્તગંગાની જ એક ધારા છે. એ દંપતીનું પરમ મંગલ હો, ભજનથી ભવપાર હજો, એ પ્રાર્થના છે. આભાર.

—મા.

○



# કર્તવ્યનું અનુષ્ઠાન

યોગેશ્વરજી

એક ધર્મોપદેશકનો પ્રભાવ અસાધારણ હતો. કોઈએ એમને પૂછ્યું કે તમારા ઉપદેશની અસર જનતા પર થાય છે? ધર્મ—ઉપદેશકે ઉત્તર આપ્યો કે "હું જ્યાં જ્યાં જઉં છું ને ઉપદેશ આપું છું ત્યાં ત્યાં કોના પર કેટલી અસર થઈ ને કોણ સુધર્યું કે ના સુધર્યું તેનું રજિસ્ટર નથી રાખતો. હું તો મારું કર્તવ્ય કર્યે જ જાઉં છું, નદી વહ્યે જાય છે. ફૂલ ખીલે છે, સૂર્ય કરિણો રેલે છે. એમને બીજી ચિંતા, આશા, અપેક્ષા નથી. મારી પ્રવૃત્તિથી મને પોતાને લાભ થાય છે. એવી રીતે કોઈ બીજાને પણ લાભ થતો જ હશે. મને એ કર્તવ્ય લાગે છે, ત્યાંસુધી હું એનો આધાર લઈશ. પછી વિપળનાય વિલંબ વગર છોડી દઈશ. હું એના કે કોઈ બીજી પ્રવૃત્તિના બંધનમાં નથી."

સમાજમાં કર્તવ્યભાવે, બદલાની અપેક્ષા રાખ્યા વગર, કર્મ કરવાની ભાવના વધે છે ત્યારે જ સમાજ સ્વસ્થ, સુદૃઢ, સમુન્નત, સુખી બને છે. પ્રત્યેકને પોતાના ફાળે આવેલાં કર્તવ્ય-નું સમજપૂર્વકનું, સર્વશક્તિભક્તિ સાથેનું અનુષ્ઠાન કરવાનો આત્મસંતોષ સાંપડે છે. હનુમાને જે રામસેવાનું કર્તવ્ય કર્યું તે કોઈ લૌકિક, પારલૌકિક ફળની—આશાથી, બદલાની અપેક્ષાથી ન હતું કર્યું; એટલે સીતાનો પુરસ્કાર એમને પ્રિય ના લાગ્યો. સીતાએ એમને વણમાગ્યો આશીર્વાદ આપ્યો—"જ્યાંસુધી જગતમાં રામનું નામ અને કામ રહેશે ત્યાંસુધી તમે પણ રહેશો, અને રામનો આધાર લઈને ભક્તો ભવસાગરને પાર કરશે, તેમ તમારો આશ્રય લઈને પણ ભવસાગરને પાર કરશે." કેટલો પ્રાણવાન પુરસ્કાર!

માતાજીનો સ્વર્ગવાસ થયો ત્યારે ભાવનગરની હોસ્પીટલના મુખ્ય સર્જન ડોક્ટર ગઢવી સાહેબ અમારા સ્પેશ્યલ રૂમમાં આવીને બે મિનિટ શાંત પ્રાર્થના કરીને બોલ્યા ‘‘અમે છેવટ સુધી એમને બચાવવા બનતું બધું જ કર્યું, પરંતુ આખરે ઈશ્વરે ધારેલું તે જ થયું. એટલો અફસોસ રહી ગયો. પણ અમે કરેલી સેવાનો અમને સંતોષ છે.’’

ડોક્ટર ગઢવી સાહેબના શબ્દો કેટલા બધા સહજ અને સાચા હતા! કર્તવ્ય કરનારને પોતાના કર્તવ્યનો સંતોષ થવો જોઈએ. મેં મારા કર્તવ્યને મારી સમજને અનુસરીને મારી સમગ્ર શક્તિને કેન્દ્રિત કરીને બજાવ્યું છે. ફળ ઈશ્વરના હાથમાં.

એવા અનપેક્ષ કર્તવ્ય ભાવનાવાળા કર્મયોગીને સર્વ સ્થળે સર્વકાળે શાંતિ સાંપડે છે. એ કદી કોઈએ કારણે કર્મની, કર્તવ્યની, જીવનની શ્રદ્ધાને ખોઈ બેસતો નથી.

### ફૂલવાડી–૨૦૦૬

૫. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સંનિધિમાં સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી સ્વર્ગારોહણ અંબાજી ખાતે તા. ૨૬–૧૦–૦૬ થી તા. ૩૦–૧૦–૦૬ પાંચ દિવસ માટે ***ફૂલવાડી–૨૦૦૬***નું આયોજન કરવામાં આવ્યું છે. આ ફૂલવાડીમાં પાંચ વર્ષથી ઉપરના અને પંદર વર્ષ સુધીનાં બાળકો ભાગ લઈ શકશે.

ફૂલવાડીમાં એજ બાળકોને પ્રવેશ મળશે જેમને શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની બાવનીઓ તેમજ ત્રણ સ્તુતિઓ મોઢે આવડતી હોય. સ્તુતિઓ આ પ્રમાણે છે.

૧. અમોને જ્ઞાન દેનારા ગુરુને લાખ વંદન હો.

૨. એવી બુદ્ધિ દો અમને ભલું એથી અન્યનું થાય.

૩. વરદ્ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવન સહારો.

—તંત્રી



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૭ સપ્ટેમ્બર–૨૦૦૬ અંક ૧૨

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૫–૧૨–૮૧ શનિવાર, માગસર સુદ આઠમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા એના, કેલીફોર્નીયા, અમેરિકા.**

પૂ. શ્રીએ આ મોટલનું નામ ‘આલોહા મોટલ’ ના કહેતાં ‘અલ્લાની મોટલ’ રાખ્યું. વળી એનો વિશેષ અર્થ કરતાં કહ્યું, ‘અ’ એટલે નહીં, ‘લોહા’ એટલે લોઢુ–લોખંડ નથી તે–કંચન એટલે ‘આલોહા!’

ગઈ કાલે આશાના પત્રમાં એક પ્રસંગ વાંચ્યો. એની નાની બેન અંજુને સતત તાવ હતો. ચિંતા હતી કે છેલ્લું પેપર જ બાકી હતું. તેને સ્વપ્ન દર્શન થયું. પૂ. શ્રીએ કહ્યું, શા માટે ચિંતા કરે છે? પાસ થઈ જશે, હોં! ને સાચે જ બીજે દિવસે જે પેપર હતું તે ખૂબ સરસ લખાયું. આ પ્રસંગ પૂ. શ્રીએ વાંચ્યો ને એક લીટી પૂ. શ્રીના અંતરમાં રમવા લાગી :

'અમે નાના, અમારી ના શક્તિ નાની'

અને એ લીટીમાંથી એક મોટી કવિતા લખાઇ ગઇ! જે ગઇ કાલે જ સવારની મુલાકાતમાં સ્ફૂરી. પૂ. શ્રીએ કહ્યું, 'પ્રસંગ વાંચીને થયું, અમે નાના પણ અમારી શક્તિ નાની નથી.'

સવારે પૂ. શ્રી સમયસર પોતાનું કાર્ય કરી લે છે. લેખનકાર્ય ચાલુ થઇ જાય છે. વ્યાયામ, મંત્રજપ, ગીતાપાઠ, દૂધ પીવું, આ બધો જ ક્રમ અતિનિયમિત રીતે ચાલ્યા કરે છે. આજે સવારે ૫:૩૦ વાગ્યે સર્વેશ્વરીને નિત્યાનંદજીનાં દર્શન થાય છે. સ્વામી નિત્યાનંદજી મંદિર પાસે ઓચિંતા આવીને ઉભા રહે છે. ત્યાં પૂ. શ્રી ને સર્વેશ્વરી બે જ હોય છે. નિત્યાનંદ કહે છે, 'પ્રાર્થના પૂરી થઇ ને!' એ સાંભળીને સર્વેશ્વરીએ સામે જોયું તો નિત્યાનંદબાબા અવધૂત સ્વરૂપે ઉઘાડા પગે ઉભા હતા. ત્યાં તેઓ જાણે ઓચિંતા પ્રગટ થયા હતા. તરત જ સર્વેશ્વરીએ દોડીને શ્રી નિત્યાનંદબાબાના શ્રી ચરણો પકડી પ્રણામ કર્યા. ને થોડી મિનિટો સુધી શ્રી ચરણો ઉપર મસ્તક ઢાળીને અશ્રુપાત કરવા લાગે છે. એ દરમ્યાન પૂ. શ્રી ત્યાં આવી જાય છે. તેઓ શ્રી નિત્યાનંદબાબા સાથે વાતો કરે છે. તેનો ભાવાર્થ હતો કે, આવા દર્શનની પ્રાર્થના સર્વેશ્વરીની હતી, જેથી અમારે આવવાનું બન્યું.

શ્રી નિત્યાનંદજીના શ્રી ચરણોમાંથી પ્રણામ કરતી વખતે સર્વેશ્વરીને થયું હતું કે મારી ઘણી જૂની ભાવના પૂરી થઇ. આસપાસનું સ્થળ ખૂબ જ રમણીય હતું. જુદા જુદા વૃક્ષોની વનરાજી, પાણીનો એક તરફ કુંડ હતો, એક મોટો દરવાજો ને તેની અંદર દૂર મંદિર. મંદિરના વિશાળ મેદાનમાં આ દર્શન થયું.



આજના આ સંતવિભૂતિના દર્શનથી સર્વેશ્વરીને ખૂબ ખૂબ આનંદ થાય છે. એ આનંદ કેટલાયે કલાકો સુધી ચાલ્યા જ કરે છે. પૂ. શ્રીને એ અનુભવ દર્શન કહી સંભળાવ્યું ત્યારે પૂ. શ્રીએ કહ્યું, 'ઘણી વાર સ્વામી નિત્યાનંદને ખબર પણ ન હોય, પણ ભાવના હોય તેથી જગદંબા જ એ સ્વરૂપ ધારણ કરી દર્શન આપતાં હોય છે.' દર્શનથી ખૂબ આનંદ થયો.

પૂ. શ્રીએ ગઇકાલના સાંજના સત્સંગમાં આશા નામની છોકરીનો લેખ વાંચ્યા બાદ નીચે મુજબના શબ્દો કહ્યા :

કહેવાય છે કે વિદુરજીની ભાજી ખાધી. આટલે બધે જવાનું થયું પણ એવો પ્રેમભાવ ક્યાંયે ન જોયો, અને તે પણ આખાયે પરિવારનો એક સરખો સેવાભાવ!

એ સાંભળી શ્રી ભગવાનજી કહે : અમને તો એવું લખતાં પણ ના આવડે.

પૂ. શ્રી : મુખ્ય તો ભાવ જ જોઇએ ને. ભણેલાઓ તો સંબોધન લખવામાં ગૂંચવાય. આમ લખાય, આમ ના લખાય. ભણતર સાથે ભાવના હોય તો વળી જુદી જ વાત. પણ ભાવ ન હોય તો થઇ રહ્યું. ચાંગદેવે સંત જ્ઞાનેશ્વરને પત્ર લખ્યો. શું લખવું? 'પૂજ્ય' સંબોધન યોગ્ય ન લાગ્યું. બરાબરી પણ યોગ્ય ન લાગી, પરિણામે કોરો કાગળ જ મોકલ્યો! જ્ઞાનેશ્વર મહા-રાજે તરત જ કહ્યું, 'ચાંગો કોરા કાગળ જેવો જ રહ્યો.'

ચાંગદેવ પાસે સિદ્ધિઓ, શક્તિઓ ઘણી. તેનો અહંકાર પણ ઘણો. એટલે જ્ઞાનેશ્વરનો જવાબ જાણી થયું કે કોઇ મહાપુરુષ લાગે છે. એમ વિચારી મળવા ગયો, પણ વાઘ ઉપર બેસી, સાપની ચાબુક લીધી. જ્ઞાનેશ્વરે દૂરથી જોયું. તેઓ પોતે તૂટેલી ભીંત ઉપર બેઠા હતા. તે ભીંતને ચાલવાની આજ્ઞા કરી. તૂટેલી ભીંત શ્રી જ્ઞાનેશ્વરને લઇને ચાલી ચાંગદેવને મળવા!

ત્યારે ચાંગદેવને જ્ઞાન થયું કે હું તો ચેતનને જ ચલાવું છું. જ્યારે આ તો જડને ચલાવે છે! પછી પ્રણામ કર્યા. ભણેલાને પહેલેથી જ ભ્રાન્તિ થાય. અભણ કે ભણેલું હોય પણ ભાવ જ મુખ્ય જોઇએ.

પૂ. શ્રીને આ પ્રશ્નોત્તરી પછી, બાળકો માટે શું કરવું? એમ પૂછતાં પૂ. શ્રીએ કહ્યું : પ્રાર્થનાનો નિયમ તમે સમૂહમાં રાખો. વળી બાળકોને ખરાબ ફિલ્મ, પુસ્તકો, સંગદોષ વગેરે ન લાગે માટે ધ્યાન રાખો.

આ થઇ ગઇ કાલના સત્સંગની વાત. આજે સમયસર લેખન કાર્યમાંથી નિવૃત્ત થઇ પૂ. શ્રી થોડો આરામ, મંત્ર જપ સાથે કરી લે છે. સમયસર મગ, ભાત ને સુખડીનું ભોજન લેવામાં આવે છે. ભોજન બાદ બેઠક શરૂ થઇ, જેમાં પૂ. શ્રીએ શરૂ-આતમાં જ કહ્યું, 'આજે મા સર્વેશ્વરીને નિત્યાનંદબાબાનો ગણેશપૂરીનો અનુભવ થયો તે તેમને મુખે જ સાંભળીએ. જેથી સર્વેશ્વરી પોતાનો આજનો અનુભવ કહી સંભળાવે છે.'

પ્રશ્ન : ઘણી વાર સંતો ખોટું બોલતા હોય તો શું માનવું?

પૂ. શ્રી : ખોટું તમને લાગે પણ તે ઘણી વાર જરૂરી પણ હોય. સંતોને ચાહવા ખાતર ચાહતા હોઇએ તો તે જે કહે તેમાં શ્રદ્ધા રાખવી જોઇએ.

પ્રશ્ન : આકાશવૃત્તિથી જીવવું એટલે શું?

પૂ. શ્રી : કેટલાક એવા અર્થ કરે છે કે પ્રભુના વિશ્વાસે જીવવું. કોઇ જ આધાર ન રાખવો. જરૂરિયાત કોઇને કહેવી નહીં. કોઇ કહ્યા વિના લાવે ને તે જરૂરી હોય તો લેવું. કેવળ પ્રભુસ્મરણ કરવું.



પ્રશ્ન : તમે પણ એ રીતે જ રહેતા ને?

પૂ. શ્રી : હા. હું પણ ભિક્ષા કરવી તે પ્રભુનું અપમાન છે એવું માનતો. જેથી અયાચકવ્રત ધારણ કરી રહેવાનું થયું. નાની, ૨૧ વરસની ઉંમરે તપ માટે ગયા. લોકોને નવાઇ લાગતી.

એમ કહી મગનલાલ ભટ્ટ, કિસનલાલ વગેરેની વાત કરી. ત્યાં વળી પનામાથી શ્રી વસંતભાઇ ને શ્રી ગુલાબબેનનો ફોન આવ્યો. તેમણે પનામા આવવા આમંત્રણ આપ્યું. પૂ. શ્રીએ, સમય નથી, એમ કહી સમજ આપી. વળી તેઓ બંનેએ પ્રભુપંથે આગળ વધવા આશીર્વાદ માગ્યા. પૂ. શ્રીએ મંત્રજપ કરો, પ્રાર્થના કરો, વગેરે સૂચના આપી. સત્સંગ બાદ આરામ.

સાંજે ૬:૦૦ થી ૬:૩૦ ધ્યાનની બેઠક થઇ. તે દરમ્યાન કેનેડાથી ફોન આવ્યો, વાતો થઇ. આજે પ્રવચન સ્થળ Monterey Adobe Motel, 121, S.New Ave., Monterey Park, Califormia–91754 હતું. તે ૪૫ માઇલ દૂર હતું. ત્યાં પ્રવચન થયું.

ભક્ત સમાજ ઓફ યુ.એસ.એ.ના સેક્રેટરી શ્રી મહેન્દ્રભાઇ રહે, તેમના પિતાજી પણ સાથે જ રહે છે.

આજનું પ્રવચન 'મન' ઉપર જ આપ્યું. પ્રવચન પહેલાં પૂ. શ્રી તથા સર્વેશ્વરીનું ફૂલહારથી સ્વાગત થયું. પ્રવચનને અંતે બે ભજનો સર્વેશ્વરી ગવડાવે છે.

પ્રવચનને અંતે શ્રી રાધામોહનદાસજી, શ્યામા કુટિર, પાનિધાર, વૃંદાવનની વાતો થઇ. તે મહેન્દ્રભાઇના કાકા થાય. ત્યાં જવાનું થશે તો જઇશું. એવી પણ વાતો થઇ. પ્રવચન સ્થળેથી સમયસર આવી જવાનું બન્યું. દૂધ પીને આરામ કરતાં

૧૧:૩૦ વાગી ગયા. પોણા દસે ઘરે આવવાનું બન્યું.

આ યાત્રામાં શ્રી ઈશ્વરભાઈ પણ જોડાયા છે. જેથી 'અધ્યાત્મ' માસિકના આજીવન સભ્યો થવાની એમના થકી સેવા થઈ રહી છે. વળી પૂ. શ્રી આ વખતે ચાર નવા સ્થળોમાં કાર્યક્રમ કરી શક્યા એમાં પણ શ્રી ઈશ્વરભાઈનો સહકાર નોંધપાત્ર છે. આખોયે કાર્યક્રમ વિમાની સફર કરીને થયો. દૂર દૂરના પ્રદેશ-માં જવાનું બન્યું. હરિઃ ૐ. (ક્રમશઃ)

ધ્યાનની આવશ્યકતા કેવળ ત્યાગીઓ ને વિરક્તો-ને જ છે એવું નથી સમજવાનું. કેટલાકનું એવું મંતવ્ય છે કે જે સંસારની બાહ્ય પ્રવૃત્તિઓનો પરિત્યાગ કરીને એકાંતમાં વસતા હોય તેમને જ ધ્યાનની આવશ્યકતા છે, આ મંતવ્ય ખોટું છે. ધ્યાનની આવશ્યકતા હરેક માઝ્‌દ્ને છે—પછી ભલે તે સંસારમાં રહે કે વિજનમાં વસે. કોઈ પણ ક્ષેત્રમાં સફળતાની ચાવી ધ્યાન કે એકા-ગ્રતામાં રહેલી છે, તે યાદ રહે. **— યોગેશ્વરજી**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) **૨૨૧૩૮૧**, (રહેઠાણ) **૨૩૦૨૨૨.**



# સમંદરને પેલે પાર

**મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા—ક્વીન્સ ટાઉનથી રીટોરવા, દિવસ—૫, તા. ૧૨—૫—૦૫**

ગઈ કાલે જ્યાંથી પ્રસ્થાન ત્યાં જ પાછું પુનરાગમન હતું. જીવ જ્યાંથી આવ્યો ત્યાં પાછો જાય એવું. ક્વીન્સ ટાઉનથી સતત પ્રાકૃતિક સૌંદર્યને માણતાં માણતાં આખો દિવસ જાણે શ્રીહરિની સર્જનાત્મક શક્તિને અચરજ સાથે માણી.

સર્જન સુંદર તો સર્જનહાર અતિસુંદર હશે જ. બાળક સુંદર, આકર્ષક, ગૌરવર્ણનો હોય તો અનુમાન કરી શકાય કે એની માતા એવી જ હશે.

જાણે પ્રાકૃતિક સૌંદર્યનું રસપાન તૃપ્ત કરે તેવું. આ દેશ એ પ્રાકૃતિક સંપત્તિની સર્વોત્તમ સંભાળ લઈ રહ્યો છે.

સ્નાન, શીર્ષાસન ને ૧૧ પ્રણામ થયા. પ્રાર્થના લખી. દર-રોજ જમણા હાથે લખવાનો એ નિયમ પણ પૂર્ણ થયો. (પૂ. મા રોજિંદા જીવનમાં ડાબા હાથે લખે છે.)

યાત્રાના આરંભે સૌને માએ સૂચન કરેલું કે એક નાનકડો નવો નિયમ યાત્રામાં લેવો ને પાળવો. તો એમાં સૂચન કરનાર મા પણ આવે જ ને? અને એથી જ માએ ૧૧ પ્રણામ સૂર્ય-નારાયણને પ્રાર્થના સાથે કરવાનો નિયમ લીધો છે. પ્રાર્થના નીચે મુજબની થાય છે.

હે સૂર્યનારાયણ, સૌનું સર્વ પ્રકારે મંગલ કરો, કલ્યાણ કરો, સુખી કરો, શાંતિ આપો અને દર્શન દઈ સમાવી લો.

આજે સાડા આઠે આ ધરતીને પણ સલામ ભરવાની હતી. એટલે પ્રાર્થના પછી કેળાં ને દૂધનો ફળાહાર લીધો.

એરપોર્ટ ઉપર સૌ આવી ગયા છે. પોતાની બેગ સાથે સૌ પોતાનું ચેકિંગ કરાવી લે છે.

યાત્રામાં સૌનું લક્ષ્ય 'મા' હશે પણ વિશેષ રીતે શ્રી વિનોદભાઈ—સરોજબેનનું વિશેષ સ્મરણ લાગે છે. જ્યાં જઈએ ત્યાં સરોજબેન 'મા' માટે ટોપી, સ્વેટર, મોજાં જોતાં રહે છે. 'મા'ને બેસવા માટેની ગાદી ને ઓશિકાં જ્યાં ત્યાં પાથરીને સતત વિશ્રામ ધરવાની ચિંતામાં જ શ્રી વિનોદભાઈ ફરતા રહે છે. શ્રી કંચનબેન—શ્રી ભગવાનજીભાઈ પણ 'મા'ના લગેજની કે ફળાહારની સતત સંભાળ લેતાં રહે છે. તો વળી નીરૂબેન જેવાં 'મા' સ્લેટમાં શું લખે છે તેની નાની નાની નોંધ પણ સતત ટપકાવતાં રહે છે. તો બસમાં ચઢતાં ઉતરતાં જગુભાઈ કે સુરેશભાઈ હાથ જોડીને જ વંદન કરતાં કરતાં ચઢે છે. બીજા સૌ બીજાની સેવામાં ને પોતાને સંભાળવાના કામમાં હોય છે. યાત્રીઓ એ રીતે સૌ અનુકૂળ છે. દીનાબેન જેવાં વળી 'મા'નાં વસ્ત્રો મશીનમાં ધોવાનું સેવાકાર્ય કરી લે છે. તો વળી પંકજ-ભાઈ જેવા પણ બેગ લાવવા લઈ જવામાં રોકાયા હોય છે.

બધા એક સૂત્રે બંધાયેલી ફૂલની માળા જેવા છે. સંપ ને સ્નેહથી, આનંદ ને પ્રસન્નતાથી સૌ યાત્રાને માણે છે. શ્રી સુશીલાબેન વળી સતત એક બે એક બે વાક્યો બોલી બોલીને હસાવતાં રહે છે. તો શ્રી સરસ્વતીબેન, શ્રી ભાનુબેન કે શારદાબેન અરે, શ્રી વિમળાબેન પણ લગભગ મૌન રહી યાત્રા કરી રહ્યાં છે.

તો શ્રી હિમાંશુભાઈ સૌના મિત્ર બનીને સૌને સહાયક



થવાની પ્રવૃત્તિમાં હસાવતા હસાવતા સૌમાં ભળી ગયા છે. ભારતીબેન ને નીરૂબેન સતત પ્રશ્નો પૂછી યાત્રાને જીવંત બનાવી રહ્યાં છે.

આ શ્રદ્ધાળુ ભક્ત યાત્રીઓની મંડળી પણ હે હરિ, તારી પવિત્ર પ્રસાદી છે. 'મા' માટે સૌ અનુકૂળ બની યાત્રા સફળ કરી રહ્યાં છે.

આજે શ્રી વિનોદભાઈનું ૩ પાસપોર્ટ ને ટિકિટવાળું પાકીટ કોઈકની કાર્ટ (લગેજની લારી) માંથી મળ્યું. તે બેન આપી ગઈ. આ તો નાનું એરપોર્ટ એટલે એ પાકીટ મળી ગયું ને મૂળ વાત તો યાત્રામાં આરંભે થતી પ્રાર્થનાની—

> સાથી બનજો યોગેશ્વર પરમાત્મા,
> સર્વ પ્રકારે સઘળા સંકટ કાપજો.

આ પંક્તિઓ જ સહાયક બની જાય છે. જેની પ્રાર્થના છે, તે પ્રભુ જ એ બધું સંભાળે છે. બસમાંથી લગેજ ઉતારતાં બીજી કોઈ કાર્ટમાં તે પાકીટ મૂકાઈ ગયું. તે કાર્ટ પાછળ કોઈ બસમાં યાત્રી તરીકે અજાણ્યાં બેને લીધું. તેને થયું હશે કે આ પાકીટ કદાચ આ ગ્રૂપનું જ લાગે છે. તો તે બેન સામે ચાલીને આપી ગઈ!

કોણે સંકટ કાપ્યું? કોણ સાથી બન્યું? અરે! એ રીતે શ્રી જગુભાઈ કેમેરો ભૂલી ગયા પ્લેનમાં, તો તે પણ કોઈક ભાઈએ યાદ કરાવ્યો.

સર્વત્ર જાણે શ્રી હરિનું રખોપું. છ દિવસથી એ સમર્થની પાંખમાં રક્ષાયેલા સૌ આનંદથી યાત્રી બનીને હળવાશ અનુભવી રહ્યાં છે.

દોઢ કલાક પ્લેનમાં જપમાં વીતી ગયો. રોટોરવા નાનકડું

એરપોર્ટ છે. અરે! અહીં લગેજના પટ્ટા પણ નથી. બધાની બેગ મોટી લારીમાં જ બહાર આવી ને સૌએ તે લઈ લીધી. બહાર ત્યાં જ બસ ઊભી જ હતી.

સ્પે. બસના ચાલક શ્રી જહોન હતા. બસમાં ત્રણ સૂચના હતી. નો ઈટિંગ, નો ડ્રિન્કિંગ, નો સ્મોકિંગ. સરસ નિયમ હતો જેથી સ્વચ્છ હવામાન રહી શકે. ભારતની દરેક બસમાં એ નિયમ હોય તો? નો સ્મોકિંગનો. તો તો આરોગ્યની રક્ષા થાય. (ગુજરાતની બસોમાં આવું ધૂમ્રપાનનું લખેલું હોય છે. પણ અમલ બહુ ઓછો જણાય છે.)

આ નાનકડા શહેરમાં દશ જ મિનિટમાં મોટલ RUDGES ૨૭૨, Fenton street રૂમ નં. ૧૫ માં આવી પણ ગયા.

આ ઓરડો ખૂબ મોટો છે. સત્યપથના આખા બ્લોક કરતાં પણ આ ઓરડો મોટો છે. ગામ નાનું છે, પણ સગવડ બાદશાહી છે.

અહીં ગરમ પાણીના કુદરતી ઝરણાંઓ ઠેર ઠેર જોવા મળે છે. એટલે ગરમપાણીની વરાળનો ઉપયોગ અહીં હીટરો, ગેસ તરીકે વપરાય છે.

ગરમ પાણીના ઝરણાંનો ધંધાકીય ઉપયોગ પણ આ પ્રજા સરસ રીતે કરી લે છે. સ્નાન, મસાજ માટે મોટી ફી લઈને એ પ્રવૃત્તિ પણ ચાલે છે. જાહેર સ્નાનગૃહ તેમાં પાછું ભાડે ટુવાલ, ભાડે સ્નાનનાં વસ્ત્રો પણ મળે છે.

સલ્ફરની ગંધ ભારે હોય છે. સહન ના થઈ શકે તેવી.

ઓરડામાં સ્થાનિક ડીરેક્ટરી જોઈ તો પાંચ સાત પટેલના નામ વાંચ્યાં. ભારતીબેને એક ડો. મહેશ પટેલને ફોન કર્યો.



ચંદ્રિકાબેન મળ્યાં. અહીં ૭૦ ગુજરાતી પરિવાર રહે છે. માત્ર પરિચય માટે જ ફોન થયો છે.

ભારતીબેનની જિજ્ઞાસા ને મિલનસાર સ્વભાવ એ રીતે ક્ષણમાં મિત્રતા બાંધી શકે તેવો છે.

આજે જાણે ઘણા દિવસે વિશ્રામની હળવાશ મળી છે.

વિદેશની એક વિશેષતા નોંધપાત્ર છે કે નાનકડી ઘટનાને પણ વિશેષ મહત્ત્વ આપીને, એની માવજત કરીને જનતા સમક્ષ મૂકે. ભારતમાં ઘણી મહત્ત્વની ઘટના કે ઐતિહાસિક સ્મારકો પણ આ રીતે માવજત પામે તો તો આખી કાયાપલટ થઈ જાય. આ ઓરડામાં આજે નેતરના લાકડાનું ફર્નિચર જોવા મળે છે. તે જોતાં જ 'મા'ને પિતાજી શ્રી કાલીદાસભાઈ બાપુજી-નું સહજ સ્મરણ થયું છે. બાપુજી નેતરના સોફાના શોખીન હતા, તેથી કર્પૂરવનના એ કાલીમંદિરમાં વસાવ્યા હતા.

કયી વસ્તુથી કોનું સ્મરણ કયી ધરતી ઉપર! સ્મરણને ક્યાં કોઈ બંધન છે? આ તો બાપુજીનું સહજ સ્મરણ દરરોજ જ થાય છે, કારણ આ ડાયરીમાં બુકમાર્કર તરીકે બાપુજીનું જ એક સ્વરૂપ ૮૫ વરસનું હસતું આરોગ્યથી ભર્યું નવું 'મા'એ મૂક્યું છે. આરોગ્ય ક્ષેત્રના પ્રેરણામૂર્તિ બાપુજી.

સ્મરણ ગંગામાં નિત્ય સ્નાન કરે તે, સ્મરણીય શ્રી હરિને પામે. સ્મરણ એ સહજ સુલભ સાધન છે. પણ તે અંતરના ઊંડાણથી લેવાયું હોય તો જ તે ફળે.

આજકાલ 'મા' પણ માળા વધુ કરે છે. યાત્રામાં સતત દોડતા સાધનમાં જપ સારા થાય છે. દરેક યાત્રામાં 'મા'નો આ અનુભવ છે. એટલે આ યાત્રામાં પણ માળા થઈ રહી છે.

બપોરે ૨ વાગે અહીં આવી ગયા. પછી ભક્તોએ આજે

પ્રથમવાર પોતાનું ભાથું ઊઘાડ્યું. સૌ નીચે ચાદર પાથરીને, પલાંઠીવાળીને ભોજન ગણી શકાય એવું ભાથું લે છે. સૌ પ્રાર્થના સમૂહમાં બોલીને (અહીંના રેસ્ટોરન્ટમાં પણ) પછી જ ભોજન લે છે.

આ દેશમાં ભારતીય ભોજનાલયો પણ છે. એટલે યાત્રીઓ માટે આશીર્વાદરૂપ છે.

દરેક બસના ચાલકો ખૂબ ભાવથી ન્યુઝીલેન્ડ શબ્દનો પ્રયોગ વારંવાર કરે છે. પોતાના દેશનું—વતનનું—જન્મભૂમિનું ગૌરવગાન જાણ્યે—અજાણ્યે કર્યા કરે છે ત્યારે ત્યારે 'મા'ને **ભારત**નું સ્મરણ થાય છે.

વિદેશની આ યાત્રા જેની કૃપાથી થઇ રહી છે તે શ્રી હરિને લક્ષકોટિ વંદના. અશક્ય લાગતી આ યાત્રા થઇ રહી છે. આ ભક્તમંડળી પણ વિવિધ ક્ષેત્રની, વિવિધ શહેરની, વિવિધ સમાજની વિવિધ વયની છે. છતાં સ્નેહનું સુરીલું સંગીત સંભળાતું રહ્યું છે. બાકી વિવિધ સ્વભાવ, વિવિધ શોખના એ મંડળને એક જ પંથના પ્રવાસી તરીકે જોડાવું જરા આકરું લાગે. પણ અહીં કોઇ ફરિયાદ નથી. સૌ જાણે એક જ ડાળનાં પંખી બનીને ઊડી રહ્યાં છે. એમાં પણ હે હરિ, આપની જ કૃપા છે.

હે હરિ! આપ 'મા'ના સર્વ શુભસંકલ્પો સહજ રીતે પૂર્ણ કરો છો. ૧૯૭૯ માં ઝામ્બિયામાં ડાયરીમાં પરમશક્તિએ લખેલું, 'હે ડાહી દીકરી, તને અનેકવાર વિદેશ લઇ જઇશ.' એ શબ્દો સત્ય બનીને સતત અનુભવ્યા છે. હે હરિ, આપનો આભાર. પ્રણામ—પ્રણામ—પ્રણામ.

(ક્રમશઃ)



# શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

શ્રી વિષ્ણુસહસ્રનામનો પાઠ ઘણાં સાધકો કરે છે. ગુજ-રાતીમાં તેનો અર્થ સમજાય તે માટે પૂ. યોગેશ્વરજીદ્વારા સમ-શ્લોકી અનુવાદિત થયેલ વિષ્ણુસહસ્રનામમાંથી દરેક અંકમાં બે શ્લોક મૂકવામાં આવશે. **—તંત્રી**

**ઈશ્વરો વિક્રમી ધન્વી મેધાવી વિક્રમઃ ક્રમઃ ।**
**અનુત્તમો દુરાધર્ષઃ કૃતજ્ઞઃ કૃતિરાત્મવાન્ ॥૯॥**

પરાક્રમી છો ઈશ્વર, વિક્રમ, ધનુર્ધારી વળી મેધાવી,
જગનો ક્રમ કરનારા, દર્શન દેતા ભક્તોને તાવી;
કૃતજ્ઞ તેમ જ આત્મા સૌના, સર્જનમાં પણ વસનારા,
નમન હજારોવાર તમોને ચરાચરોમાં વસનારા!

**સુરેશઃ શરણં શર્મ વિશ્વરેતાઃ પ્રજાભવઃ ।**
**અહઃ સંવત્સરો વ્યાલઃ પ્રત્યયઃ સર્વદર્શનઃ ॥૧૦॥**

ઈન્દ્રોના પણ ઈન્દ્ર તમે છો, શરણ સર્વના, સુખ કરતા,
પિતા વિશ્વના, લોકરૂપ ને દિવસવર્ષરૂપે ફરતા;
સર્પ જેમ અગ્રાહ્ય તમે છો, ભાવિકને દર્શન દેતા,
સમદર્શી છો, વંદન તમને ચરાચરોના હે નેતા!

**(ક્રમશઃ)**

પૂ. યોગેશ્વરજી પ્રેરિત

# પ્રકાશના પંથે ગ્રંથનું પ્રકાશન પર્વ

ડો. બી. જે. જાગાણી

**આજે પ્રકાશન પર્વનો છઠ્ઠો દિવસ છે.**
**તારીખ ૨૯–૧૨–૨૦૦૫**

'પ્રકાશના પંથે' ગ્રંથના પ્રકાશન પર્વની ઉજવણીના આ કાર્યક્રમના દિવસો ગંગાના ધસમસતા પ્રવાહની જેમ ઝડપથી પસાર થતા જાય છે. સ્વર્ગારોહણતીર્થ વિદ્વાનો, સાધકો, ભક્તો, ભાવિકો, બાળકો ને બહેનોથી શોભી રહ્યું છે. વધુ શોભા તો એટલા માટે છે કે સૌનાં માર્ગદર્શક, કલ્યાણ કરનારાં, દુઃખ–દર્દ હરનારાં, સૌને શાતા ધરનારાં, સૌને સંસાર સાગરમાં પાર કરવા માટે પ્રણામ, પ્રદક્ષિણા નામસંકીર્તન, ધ્યાન, સત્સંગ અને આશીર્વાદરૂપ અનેક હોડીઓ ધરનારાં પૂ. માની ઉપસ્થિતિ છે. પૂ. શ્રીની સાધનાના પરિપાકરૂપે મળેલો આ ગ્રંથ છે, વાણીદ્વારા તેની પૂજા થઇ રહી છે ને સૌનાં આરાધ્યા અને સૌને પ્રેરણા ધરનારાં પૂ. માની સંનિધિ છે. એ આ પર્વની મહત્ત્વની વિશેષતા છે.

ગઇકાલે મોડે સુધી જાગીને પૂ. માની બેઠકને અને મંડપને ભક્તિભાવથી વિવિધરૂપે શણગારીને સૌ સાધકો આજે સવારે એ ભાવપુષ્પોનો સ્વીકાર થાય છે ત્યારે એ ભાવપુષ્પો ધરનારા સૌ સાધકો ધન્યતાનો અનુભવ કરે છે. આ ભાવપુષ્પો એટલે સવારે સમૂહ પ્રણામની બેઠકમાં જ પૂ. માનું દર્શન ને પૂ. માની પ્રસન્નતા. રોજની જેમ પ્રણામ, પ્રાર્થના ને મંત્રગાન થાય છે.



આજે શ્રી નારાયણભાઇ જાનીને પૂ. મા પ્રવચન આપવા કહે છે. તેઓ પ્રવચનનો પ્રારંભ કરતાં જણાવે છે કે :

'પૂ. માની સંનિધિમાં પ્રવચન કરવું એ લોટરિ જેવું છે, ગમે ત્યારે લાગે. પૂ. માને અમારા અગાઉના પ્રવચનથી પ્રસન્નતા થઇ તે માટે આભાર.'

'પૂ. શ્રીની આત્મકથા એ જીવવાનું શ્રેષ્ઠ શાસ્ત્ર છે. જીવન કેમ જીવી શકાય, પ્રારબ્ધકર્મવશાત્ ગમે ત્યાં રહેવાનું થાય, પણ તમારા મનને ક્યાં રાખવું તે તમારા હાથમાં છે.'

'પૂ. શ્રીએ એક સરસ વાત શીખવી હતી. પ્રાર્થના કરો.'

'તમારાં તમે તો ઉઘાડો બારણાં,
અમારાં તમે તો ઉઘાડો બારણાં,
બારણાં ઉઘાડી અંદર આવી શકું ના,
આડા અનેક આગળા.'

બસ, આ એક જ પ્રાર્થનાથી જીવનનાં અનેક દ્વાર ખૂલી જાય છે.

'પૂ. શ્રીએ અમને જીવ અને જીભનું કામ સોંપેલું. જીવદ્વારા અધ્યાત્મ માસિકનું કામ આજે થાય છે ને જીભદ્વારા ગુરુદેવ પ્રભુના ગુણાનુવાદ ગવાય છે. અનેક માણસોને મળવાનું થાય છે. બધામાં અધ્યાત્મના બીજ વાવ્યા કરું છું. સંપત્તિ ને પરિવાર, બધુંય એક દિવસ છોડીને જવાનું છે. પૂ. મા આપણને વારંવાર કહે છે. જાગો, ઘરે પણ જાગૃતિપૂર્વક જીવો. પ્રારબ્ધકર્મવશાત્ ઉત્તમ માનવજન્મ મળ્યો છે. આસપાસ નજર કરો લાખો માણસો દરીદ્ર છે. તેના કરતાં આપણે સુખી છીએ. અન્યોને જીવન ટકાવી રાખવા કેવો સંઘર્ષ કરવો પડે છે,

આપણને પ્રભુએ સરસ સ્વાસ્થ્ય આપ્યું છે તો તે પ્રભુનો કેવો મોટો ઉપકાર છે! તેને માટે પ્રભુનો રોજરોજ આભાર માનો.'

'પૂ. મા સૌને કેટલો પ્રેમ કરે છે! કારણ કે તેઓ જગન્ન-માતા છે. એમને મન બધાં જ એનાં બાળકો છે. સહુને પોતાની ભૂમિકાએથી ઉંચકીને તેઓ પ્રેમ કરે છે, તો તેઓના જીવનમાંથી પ્રેરણા લઇ, આપણે પણ આપણો પ્રેમ વહાવતા રહીએ.—સંપર્કમાં આવતા સહુને પ્રેમ કરીએ. રાગદ્વેષથી મુક્ત થઇ, સાચા અર્થમાં સાધકો બનીએ.'

'પૂ. શ્રી અમારે ત્યાં આવતા. પૂ. શ્રીની સાધનાત્મક મસ્તી અદ્‌ભુત હતી. સાધનામાં શરીરભાન જતું રહેતું. પૂ. શ્રી નાદ-શ્રવણનું વર્ણન પોતાના અનુભવના આધારે કરતા. જેવા કે મોરલીનો ધ્વનિ, વાદળોનો ગડગડાત, શંખ ધ્વનિ, મોરનો કેકારવ, ઢોલ ને શહનાઇ જેવા ધ્વનિ—અનાહતનાદરૂપે સંભળાતા.'

'તમારી પાસે જે કંઇ (શ્રી, શક્તિ, વાણી, લેખન વગેરે) વધારે છે તે બધાને આપો. આ પ્રભુએ આપેલી કૃપાપ્રસાદી છે. તેનો વિનિયોગ લોકહિતાર્થે કરતા રહો. પ્રભુ પ્રસન્ન રહેશે.'

'પ્રાર્થના કરો. સૌનું મંગલ કરવાની ભાવના રાખો. પોતાની જાતને પૂછો હું ક્યાં છું, આ પૃથ્વી પર પ્રભુએ મને શા માટે મોકલ્યો છે? કોઇક પ્રયોજન તો હોવું જ જોઇએ. તે જાણી પ્રભુની સૃષ્ટિને સરસ બનાવવા કામે લાગી જાઓ. તે માટે રોજ સવારે પ્રાર્થો, હે પ્રભુ! મારા હાથમાં શક્તિ આપ, વિશ્વમાં ને તારા ભંડારમાં શ્રેષ્ઠ છે તે બધું મને આપ, તારી પાસે પહોંચવામાં જરૂરી જે કંઇ છે તે બધું આપ, વિશ્વનું મંગલ કરવા માટે જે જરૂરી છે તે બધું આપ, એવા એવા ભાવો ભાવપૂર્વક પ્રભુ તરફ વહાવો.'



'આપણને સૌને પૂ. માનું સાન્નિધ્ય મળ્યું છે. માટે હવે આપણે રોદણાં રોવાની શી જરૂર છે? અનંત જન્મો ને યોનિઓનાં દર્દ—દુઃખમાંથી છોડાવવાની તાકાત પૂ. મામાં છે. તો ચાલો, તેની કૃતાર્થતા અનુભવીએ. પ્રવચન પૂર્ણ થાય છે. સૌ ભાવવિભોર બને છે, ને અભિનંદે છે. પૂ. મા પણ પ્રસન્ન થાય છે.'

પૂ. મા સાધકોને પોતાના આધ્યાત્મિક અનુભવોના ભંડાર-માંથી એક અનુભવ સ્લેટમાં લખીને જણાવે છે કે :

**'આપણે નવ મંત્ર બોલીએ ત્યારે એવું અનુભવવા મળે છે. કે ૐ શરૂ થાય ત્યારે આકાશમાંથી એક માર્ગ નીચે આવે. જેમાંથી પૂ. શ્રી નીચે આવે. ૐ યોગેશ્વરાય નમઃ બોલતાં તેઓ બિરાજે. તેઓનાં શ્રી ચરણોમાં 'મા' નમે છે. તે રીતે ત્રણ પ્રણામ શ્રી ચરણોમાં થાય છે. ૐ એ ગુરુભગવંતને નીચે આવવાનો રાજમાર્ગ છેઁ. મા સર્વેશ્વરીને અમે પણ નમીએ છીએ. હે ગુરુભગવંત! આપનું સર્વેશ્વરી નામનું જે અલૌકિક સર્જન છે તેને પણ અમારા પ્રણામ. અને આ રીતે નવમંત્ર-ગાનમાં બધું જ ભૂલાઇ જાય છે. માત્ર પૂ. શ્રી ને તેઓનાં શ્રી ચરણો. બીજા ત્રણ મંત્રોમાં માનું દિવ્ય સ્વરૂપ ને તેઓના શ્રી ચરણો દેખાય. એટલે તેને કદાચ શાસ્ત્રમાં સહજ ધ્યાન કહેવાતું હશે. જે હોય તે. મંત્રગાન એ જ ધ્યાન છે. એટલે એ રીતે ભાવથી મંત્રોચ્ચાર કરવા.'**

દરરોજની જેમ સેવાયજ્ઞ આજે પણ છે. દાતાઓ ગઈકાલ-ની જેમ છે. દાનનાં સુપાત્રો બદલાય છે. અંબાજીની આસ-પાસના ૧૦૦ અશક્ત પરિવારોને પ્રત્યેકને ઘઉં, મગની દાળ, શેતરંજી, ધોતી, રૂમાલ, ધાબળા, કથરોટ, સાડી, પ્રસાદ ને

વાટખર્ચ માટે રોકડ સહાય પૂ. માની ઉપસ્થિતિમાં અપાય છે. મંત્રગાન, ધૂન ને પદોના ગાનથી વાતાવરણ ભક્તિમય બને છે. દાનનાં સુપાત્રો શરીરથી એટલાં અશક્ત છે કે સાધકો દાનની વસ્તુઓ ઊંચકીને દ્વાર સુધી સપ્રેમે વળાવવા જાય છે.

દાન આપવાની કેવી મસ્તી! સ્વર્ગારોહણના યુવા સાધકો તેમાં નમ્રભાવે લાગી જાય છે. શ્રી જગુભાઇ ઢોલક વગાડે છે તો ટોરંટોના હંસાબેન મંત્રગાન કરાવે છે. અહીં પૂ. મા જ સૌના આનંદનો સ્રોત ને પ્રેરણા છે. નાચતા—કૂદતા આ યુવા ભક્તોને પૂ. મા બીસ્કીટનાં પડીકાનો પ્રસાદ આપે છે. સૌ પ્રેમપૂર્વક લે છે. વાતાવરણ શાંત બને છે. જાણે નાટકનો પડદો પડે ને દૃશ્ય બદલાય તેમ હવે સૌ વિદ્વાનોનાં પ્રવચનો સાંભળવા તૈયાર થઇ જાય છે. પૂ. માના એક જ ઇશારે બધું જ દૃશ્ય બદલાય જાય છે.

શ્રી આશાબેન ભક્ત પ્રવચન આપે છે. આશાબેન પૂ. માનાં સખી છે. સખ્યભાવ પણ સમયાંતરે સમર્પણભાવમાં પરિવર્તન પામીને પૂ. માને ગુરુપદે સ્થાપી દે છે. આ ભાવો કેવી રીતે ભક્તિ બનીને તેઓના હૃદયમાં સ્થાન પામી ગયા, તેની આછેરી ઝલક જોઇએ.

‘પ્રકાશના પુંજ સમા પૂ. ગુરુદેવ પ્રભુ ને પૂ. મા સૃષ્ટિપર વ્હાલ વહાવવા માટે તેમ જ સૃષ્ટિના કલ્યાણ માટે—અવતર્યાં છે. એથી એઓનાં સત્કાર્યોની સુગંધ માણી શકાય છે. પૂ. મા એના શ્રી હરિને જુએ છે, અમને સાંભળે છે, સંભાળે છે ને વ્હાલનું વાદળ બનીને વરસે છે. પૂ. મા નાનકડાં છે પણ હીંચકા પર બેઠાં બેઠાં બધે ડોકિયું કરી લે છે, સૂર્યકિરણથી પણ વધુ ઝડપે અમારું સંરક્ષણ કરે છે. પ્રેમરૂપી યજ્ઞમાં સતત રત.



જે કંઇ છે તે પૂ. શ્રી હરિનું, પોતાનું કાંઇ નહીં. માટે હે પ્રિય! આપનું ઋણ અમારા પર રહેશે. પ્રણામ, વારંવાર પ્રણામ.’

‘શ્રી મા દક્ષ, ચતુર ને સુજાણ છે. બાળકના મનની બધી ગતિવિધિ જાણે છે. મા જ આપણને સુધારી શકે. જાત જાતના અહંકારને દૂર કરવા સહેલા નથી. પૂ. મા તે દૂર કરે છે. રંગબેરંગી ખોપરીઓવાળા ભક્તોને શ્રી મા પ્રભુપંથે સાચવી દોરતાં રહે છે. કશુંક નવીન જાણવા પ્રેરે છે, પારસમણિ છે. એના જેવા બનાવવાની અદ્‌ભુત શક્તિ છે. ગમે ત્યાંથી શોધી કાઢે છે. એ એની નમ્રતા છે. આખાય કર્પુરવનને શ્રી ગુરુદેવ-પ્રભુના દર્શન કરાવ્યા.’

‘શ્રી દમયંતીબેન, શ્રી મંજુલાબેન અને હું ખંડેરમાંથી નવ-નિર્મિત પામેલાં શિલ્પ છીએ. આ શિલ્પ બનાવવાનું કામ પૂ. માએ કર્યું છે. હે મા! આપની સિંહણો બનીને અમે વિશ્વના ફલક ઉપર વિચરણ કરીએ એવી શક્તિ આપો.’

‘પૂ. માને ખૂબ નજીકથી જોવાના અવસરો મને મળ્યા છે. પૂ. મા બહાદૂર છે, હારની ખબર નથી, નિર્ણયોમાં, વ્રતમાં, તપમાં તેઓ ખૂબ અડગ છે. સતત થતા નિર્જળા પૂ. માની સહનશક્તિનો પરિચય કરાવે છે.’

‘ભયંકર શારીરિક પીડાઓ વચ્ચે પણ પૂ. માએ હસવાનું બંધ કર્યું નથી. હજારોની સંખ્યામાં પ્રણામ પુષ્પો ધરવાનું કાર્ય સહેલું નથી. હે મા! સદાકાળ આપને ચાહી શકીએ એવું વરદાન આપજો.’

‘બાળકોને એની માતા વ્હાલી લાગે. અમે આપના હૈયામાં અમારાં હિત સિવાય કશુંય જોયું નથી. ભાગીરથીની જેમ યોગેશ્વરપ્રભુ આપને સર્વેશ્વરીમાતા સ્વરૂપે અવનિ પર લાવ્યા.

આપ અમારા જીવનનું કેન્દ્ર બન્યાં છો. અમને આપના બાગનાં પુષ્પો બનવાનું સદ્‌ભાગ્ય આપજો.'

'આપની લેખિની પ્રારંભમાં ભલે ગંગોત્રીની જેવી નાની હોય પણ આગળ વધતાં પ્રવાહ મહાસાગર જેવો બને છે. હે મા! અમે પૂ. શ્રીના ગ્રંથો વાચતાં શીખીએ, છ માસે એક પુસ્તક તો વાંચીએ એવી શક્તિ આપજો. અમારા સર્વાંગી વિકાસમાં ઉપયોગી થજો. સદ્‌બુદ્ધિ આપજો, ચારિત્ર્યવાન, શીલવાન ને ગુણવાન બનાવજો. આપે અમારા સૌના હૈયામાં ઈશ્વરને પામવાની ચિનગારી પ્રગટાવી છે. તે પ્રજ્વલિત રાખજો.'

'પૂ. મા સફળ સંચાલક છે. તેઓની સુતીક્ષ્ણ નજરથી કશું જ છૂપું રહેતું નથી. છતાં તે દયાનું ઝરણું છે. એટલે અમારા દોષો જાણવા છતાં સદાય પ્રેમ વરસાવતાં રહો છો. અમારા અંતઃકરણમાં આપની કારુણ્યમૂર્તિ નિત્ય પ્રતિષ્ઠિત રહો એવી પ્રાર્થના છે.'

'હે મા! અમને શુભ્ર, સ્વચ્છ, ધવલ બનાવજો! આપનાં કરોડો રૂપો છે. એટલે જ નેતિ નેતિ બોલાઈ જાય છે. અમારા પર આપનો નિર્વ્યાજ પ્રેમ નિત્ય નિરંતર વરસતો રહે એ જ પ્રાર્થના છે. માનો સ્નેહ ન મળત તો જળવિનાની માછલીની જેમ અમારું અસ્તિત્વ જ મટી જાત.'

ભક્તો ને પૂ. મા આ વક્તવ્યથી એટલા તો પ્રભાવિત થયાં કે શ્રી આશાબેનને તેની ડાયરીમાંથી થોડાં પૃષ્ઠો વાંચવા કહે છે. આશાબેનની ડાયરીમાં પ્રાર્થનાઓ ને પૂ. મા પ્રત્યે વહાવેલા ભાવપુષ્પો સિવાય બીજું શું હોય? એ સાંભળીને શ્રી આશા-બેનની ભાવગંગામાં સહુ અવગાહન કરી રહે છે.



'આપના સ્મરણનો સૂર્ય ક્યારેય ન આથમે તે અમારી પ્રાર્થના હજો. દિવસ ને રાત તારો ધીમો ગુંજારવ આનંદ આપે છે. આપની મમતાની એ અદશ્ય દોરીથી કોઈ અપરિચિત નથી. અમે સૌ એને (માને) ચાહિયે છીએ જે અમને ચાહે છે. અમે આપના કરુણાસભર નયનોને અનુભવીને અમારું અસ્તિત્વ સફળ કરીએ. વિશ્વની અધિષ્ઠાત્રીદેવી એક માત્ર તમે જ છો. તારા સ્મરણની સુગંધથી અમે રણકી ઊઠીએ છીએ. આ મધુર અનુભૂતિ અમારી દોલત છે. મસ્તક પરનો સ્પર્શ અમારી હિંમત છે. આપનું અમૃત દર્શન સંજીવની બક્ષે છે.'

'હે પ્રિયે! પ્રણામ. તને કહી દેવાથી હાશ થાય છે. સતત હોવાની હાશ છે. સૌના હૃદયની દેવીને નમસ્કાર હો. અમારી પીડા, વેદનાની સરવાણીથી ખૂબ જાણકાર છો. જખ્મ પર વ્હાલભર્યા લેપ કરવા તારા વિના કોણ સમર્થ છે! હે પ્રેમાવ-તાર! તારા પ્રેમના બદલામાં અમે શું ધરી શકીએ? દિવસરાત ચાલતા જપયજ્ઞ તારું કલ્યાણરૂપ અનોખું વરદાન છે. મનુષ્ય ઈચ્છે એવું તારું રૂપ છે. સ્વતંત્રતા, મુક્તિ ને સરળતા તારા વિના સંભવ નથી. નવા વર્ષે તારાં બાળકોને નવાં જોવાં છે તેવી સમર્થતા આપજે. તારો અનરાધાર સ્નેહ ચારેકોર છલકાઈ રહ્યો છે. તારી સંનિધિનું મોતી બનવાનું આપજે. તારી પ્રેમરૂપી પાઠશાળામાં તોફાની બાળકને પ્રવેશ આપજે. તારા ચિંધેલા રાહ પર ચાલવાની શક્તિ આપજે. તારી અમી આંખોથી વહેતું આ સ્વર્ગ છે.

હે કલ્યાણી મા! આપને નિત્ય વંદન હો. આપનાં પ્રેમભર્યા ઉજાસમાં અમારાં તનમન ધબકતાં રહે. જિંદગી આસાન નથી, છતાં જેના મસ્તક પર આપનાં હસ્તકમળ હોય તેને ચિંતા

શાની! અનેક બોજાની વચ્ચે પંખીની માફક ઉડાન ભરતા રહીએ છીએ. આપના સ્નેહ પાલવની ઓથમાં સંતાઇ રહેવાનું સદાય થયાં કરે છે. અમને લાગે છે કે તમારા સિવાય ચાહી શકીએ તેવું કોઇ નથી. હે મા! અહીં બેઠેલાં સૌ બાળકો વતી પ્રણામ.'

પ્રવચન પૂર્ણ થતાં શ્રી નારાયણભાઇ જાની દ્વારા સહજ બોલાઇ જાય છે કે આ ડાયરીની પ્રાર્થનાઓ કવિવર રવીન્દ્ર-નાથની 'ગીતાંજલિ'ના ભાવપ્રવાહમાં ખેંચી જાય તેવી છે.

**પૂ. મા સ્લેટ પર આ વક્તવ્યનો પ્રતિભાવ આપતાં લખે છે કે 'તમારા સૌ વતી પ્રભુને પ્રસન્ન કરવાની પ્રાર્થનાની એક સીડી આજે આશાએ ધરી છે. અમે સાંભળતાં સાંભળતાં વિચારતાં હતાં કે આજનો આશાનો વાર્તાલાપ સૌને પોતાને નિત્ય પ્રાર્થના માટે કોપી કરી આપવા જેવો છે. આશા ૧૯૭૧ થી માના જીવનને ગીધની આંખથી જોયા કરે છે. ને પોતાનું અસ્તિત્વ ભૂલીને નમતી રહે છે. જીવનની નાવ સોંપતી રહે છે અરે! મા જ ઝૂંટવીને દોરી સંભાળતાં રહે છે. સરસ અંજલિ વિષયને અનુરૂપ અપાઇ છે. પદો પણ ખૂબ સરસ લખે છે અને દમયંતીબેન એના સખીમંત્રી બનીને સૌને સંભળાવે છે. ચાલો! બે ચાર લીટી સાંભળીએ.'**

દમયંતીબેન શ્રોતાઓની વચ્ચે બેઠાં છે. પૂ. માની આજ્ઞા થતાં જ સૂરીલાકંઠે પદ ગાય છે.

(૧) શત શત વંદન માડી તમોને,
સદાયે કરાજો ઉરથી અમારાં.—શત૦
વાંચ્યું હતું અમે ભાગવત પુરાણે,
ગોપીયું રહી સદા કૃષ્ણની પાસે.—શત૦



(૨) અતી કોમળ છે જેનું હૈયું,
હેત વસે જેના હૃદયે અમારું,
હે મા! તારો દરબાર જીવનનો છે આધાર.

(૩) સર્વેશ્વરી વંદુ પુનિત પ્રભાતે,
દીવાદાંડી અમારી જે.

(૪) કોણે આવું સુંદર સુંદર,
મધુર જીવન કરી દીધું!
દિલના ઊંડા ઘાને કોણે,
સ્નેહ લેપથી ભરી દીધું!

પૂ. મા શ્રી ભરતકુમાર(ઉદ્‌ઘોષક)ને કહે છે કે 'હે ભરત-કુમાર માને ક્ષમા કરજો. તમારા ટાઇમટેબલમાં મા વિક્ષેપ કરે છે. આ તો ઘરના દીવડા ઝળકવા તો જોઇએ ને!' તરત જ શ્રી ભરતકુમાર પ્રતિભાવ આપે છે કે આશાબેનને પૂ. મા પીરસી રહ્યાં છે. પ્રભુના દરબારમાં તમારી સ્તુતિ જાહેર કરી દીધી.

આશાબેન એક પદ ગાય છે :

'તું અને તારું નામ મીઠું,
ગૂંજે અમારા મનમાં સદા.'

આ બેઠક એટલી રસપ્રદ ને ભક્તિમય રહી કે સૌના હૃદયની વાત જાણે આશાબેન કહી રહ્યાં હોય તેમ જણાયું.

શ્રી મનોજભાઇ દરુ હવે 'પ્રકાશના પંથે : સ્વરૂપ અને સિદ્ધિ પર પ્રવચન આપે છે, તે આખુંય પ્રવચન અધ્યાત્મના જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરના અંકોમાં છપાયું છે.'

બપોરના ભોજનનો સમય થયો છે. વક્તાઓ પ્રકાશના પંથે ગ્રંથમાંથી અંતઃકરણને પ્રભુપંથે દોરવા રસાળ મીઠાઇઓ ધરી રહ્યા છે એટલે ભોજન પણ હવે સાધકોની રાહ જોવામાં

સાધના કરતું હોય તેમ જણાય છે. પણ સાધકો તો વાણીપૂજામાં મસ્ત છે.

'યોગેશ્વરજીનું સાધના જીવન' પર ડો. આરતીબેન શુક્લ પ્રવચન આપે છે. પ્રવચનનો સારભાગ કંઈક આ મુજબ છેઃ—

'આપણા ગુજરાતનું સદ્‌નશીબ છે કે આપણને સમૃદ્ધ સંત-પરંપરા મળી. અંગ્રેજોના આગમન પછી આત્મકથાનું સ્વરૂપ વિકસ્યું છે. પૂ. શ્રીને ચૌદમા વર્ષે સ્વયં પ્રેરણા થઈ જે આત્મ-ચરિત્ર્યના પ્રત્યેક પૃષ્ઠ પર અનુભવાય છે. આધ્યાત્મિક વિકાસ-ની રેખા થઈ છે. પૂ. શ્રી તપલોકમાં દેહાતીત અવસ્થામાં જાય છે ને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. આત્મકથા વાંચવાથી પૂ. શ્રીની કડક વિવેચકની દૃષ્ટિ મળે છે. ગીતાવાંચન, રામ-કૃષ્ણકથામૃતનું વાચન સાધનાનો ભાગ બની ગયું. વૈરાગ્ય ને ત્યાગના વિચારો પ્રબળ બન્યા અને કોટ, ચંપલ, બૂટ છોડ્યાં. સાધનાથી ગુણાત્મક—સકારાત્મક વિકાસ થયો. જાગૃતિમાં ને દેહાતીત દશામાં સંતો, સિદ્ધોના દર્શનો થયાં. ભારતની આઝાદી માટે તપ્યા ને ઈશ્વરની શક્તિનો ઉપયોગ આઝાદી માટે કરવા અનંત પ્રાર્થનાઓ કરી. પૂ. શ્રીની આ આત્મકથામાં ક્ષણે ક્ષણે ઈશ્વરની પ્રેરણા, કૃપા, માની પ્રેરણાના સતત દર્શનો થયા કરે છે. પ્રકાશના પંથે ગ્રંથ પૂ. શ્રીની સાધનાનું શિલ્પ કલાકૃત બન્યું છે.' વીસ મિનિટના આ વક્તવ્યમાં પૂ. શ્રીના આ ગ્રંથને સમજવાની દૃષ્ટિ મળી. હવે વક્તાઓનું સન્માન થાય છે. આ દિવસોમાં જેનો જન્મદિવસ હોય તેના માટે જન્મદિવસનું ગીત ગવાય છે. આજે સંદીપભાઈનો જન્મદિવસ છે એટલે જન્મ-દિવસનું ગીત સમૂહમાં ગવાય છે ને સંદીપભાઈ પ્રભુપ્રેમે રંગાય છે.



બપોરના મિષ્ટ ભોજન પછી સહુ વિશ્રામ કરી લે છે. બપોર પછીની બેઠકમાં ગુરુલીલામૃતના એક અધ્યાયનું સમૂહ-ગાન થાય છે.

હવે શ્રી કલ્યાણ પ્રવચન આપે છે. પૂ. મા અને પૂ. શ્રીના જીવનને નજીકથી માણનાર આ ભક્તપુરુષ સતત માના ગુણાનુવાદ ગાવામાં જ રત હોય છે. ગોપીભાવ એનો મુખ્ય સૂર હોય છે. શરણાગત બનીને પોતાના ઈષ્ટમાં પોતાના અંતઃ-કરણને ઓગાળીને જીવનાર વ્યક્તિત્વની છાપ નાનામોટા સૌ કોઈમાં પડ્યાવિના ના રહે. પ્રવચનનો સારભાગ આ મુજબ છે.

પાશ્ચાત્ય કવિ લૉંગ ફેલોએ કહ્યું છે કે 'Lives of great men all remind, we can make our lives sub-lime, and departing leave behind us, foot prints on the sands of time.'

અનંતયુગો સુધી ન ભૂંસાય તેવાં પગલાં પૂ. શ્રીએ આ ધરતી પર પાડ્યાં છે. પૂ. શ્રીની સાથે નાનકડું પગલું મૂકીને ચાલવાનું મળ્યું એથી ધન્યતા છે. ભક્તો વિરહી હોય છે. પ્રભુ મળ્યા પછી દર્શન અને સંનિધિમાં કૃતકૃત્ય થઈએ છીએ, ગદ્‌ગદ્‌ થવાય છે. પ્રભુએ ખૂબ સંનિધિ આપી છે. ધન્યતા અનુભવાય છે કે આવા મહાપુરુષ મળ્યા. જીવનમાં મેળવવાનું હતું તે બધું પૂ. માએ આપ્યું છે. એ મહાપુરુષના પગલે ચાલતા જીવનના બધા પાઠો શીખ્યા. પ્રભુએ અમને ખાતા, ચાલતા, સ્વચ્છતા રાખતાં, અરે, પાથરણાં પાથરવાનું પણ શીખવ્યું. સંડાસની સફાઈ પણ શીખવી.

'પૂ. શ્રી ચારુલ ફ્લેટમાં નિવાસ કરતા હતા. શ્રી બાબુ-ભાઈ વ્હોરાને ત્યાંથી ટિફિન આવતું. ટિફિનમાંથી મને પ્રસાદ

મળતો. તે હું જમતો હતો. પૂ. શ્રી પાસે આવ્યા ને કહ્યું આપણે ક્યાંય જવાનું છે? તો પછી ઉતાવળે શું કામ, જમો છો, શાંતિથી જમો.'

'એક વખત દક્ષિણેશ્વર પૂ. શ્રીની સાથે યાત્રામાં ગયો. સવારે ગંગામાં સ્નાન કરવાનું હતું. પ્રભુ સ્નાન કરતા હતા. પછી કપડા બદલ્યાં. મને કહ્યું, "તમારે સ્નાન નથી કરવું?" મેં કહ્યું, "ના! કપડા ઉતારા પર છે." પૂ. શ્રી કહે, "તો મારું કપડું આપું?" પૂ. શ્રીએ તુરત જ ટુવાલ આપ્યો. મેં એનાથી સ્નાન કર્યું. આ જીવને પ્રભુએ નવડાવ્યો. મન ધોવાઇ ગયું. આવી રહેમ દૃષ્ટિ, કૃપાદૃષ્ટિ પામવી તે ઓછા ભાગ્યની વાત છે! કોઇ સામાન્ય સંતનું આ ગજુ નહિ. એ તો પૂ. ગુરુદેવ જેવા સમર્થ સંત જ આવો સરળ સહજ વ્યવહાર કરી શકે.'

'પંઢરપુરમાં પૂ. શ્રીની સાથે ગયો. ચંદ્રભાગાનદીમાં સ્નાન માટે પૂ. શ્રીએ યાત્રિકોને આવવા કહ્યું. મેં મનમાં પ્રાર્થના કરી કે પૂ. શ્રીની નાનકડી સેવા મળે તો યાત્રા સફળ થઇ જાય. પ્રભુ સાથે ગયો. પ્રભુને જાહેરમાં સ્નાન કરતા જોવાનો પ્રથમ મોકો હતો. પ્રભુ નદીમાં સ્નાન કરીને બહાર આવ્યા. ટુવાલથી શરીર લૂછ્યું. પંચીયું ને વસ્ત્રો હાથમાં લઇ મારી પાસે આવ્યા. સેવા આપીને કહ્યું. "જુઓ! આમ તો મારાં વસ્ત્રો દરરોજ હું જ ધોઇ નાંખું છું. આજે તમને આપું છું. ધોઇને આવજો." આ સાંભળી હું તો ખુશ થઇ ગયો પછી વસ્ત્રો ધોયા કરું છું ને તે વસ્ત્રો માથે મૂકીને નાચ્યા કરું. સેવાની ધન્યતા અનુભવી. આ સેવાથી જાણે મારું અંતર ધોવાઇ ગયું.'

'પૂ. શ્રીને હૃદયરોગનો હુમલો આવ્યો ત્યારે હોસ્પિટલમાં સેવા કરવાની તક મને મળી હતી. પૂ. શ્રી કહેતા. મારા શરીર



પર હાથ ફેરવો. હું તેમ કરતો. પથારીમાં પૂ. શ્રીની દાઢી બનાવતા ને સ્નાન કરાવતા. પલંગ પર તકિયો પણ બનતો. આવી સેવાનું સુખ કયા જન્મના પુણ્યે મળે છે. તમારી અનંત કૃપાથી જ આ મળે.'

હવે પૂ. શ્રીની સાધનાના નિચોડ સમું પદ શ્રી કલ્યાણ ગાય છે :

સદ્‌ગુરુનો સજી શણગાર રે,
અમે પ્રગટ્યા સર્વેશ્વરી કાજ,
દેવ પ્રયાગે વાળી પલાંઠી,
તપમાં ખરચી જિંદગી સારી,
મૌન ઉપવાસે શોધ આદરી,
હિમાલયમાં હાડને ગાળી,
પ્રસન્ન કર્યાં અમે માત રે—અમે પ્રગટ્યા.
હું પદ બાંધ્યું એ પાલવડે,
તન મન દીધું છે એ ચરણે,
ધન્ય કીધી જન્માંતર વાટ રે—અમે પ્રગટ્યા.
પર્વથી પલોટાવવા કાયા,
ક્ષણભર છોડજો મનની માયા,
સહુ સૂણજો એનો સાદ—અમે પ્રગટ્યા.

"એક વખત સોમનાથ મંદિરે મા–પ્રભુ પધાર્યાં. સાંજ પડી. મંદિરે રંગમંચનું કામ ચાલું હતું. પ્રભુ ઓટલે બેઠા હતા. સામે પૂ. મા હતાં. ભોજાણી આવ્યા. પ્રભુ! આરતી મંદિરમાં થાય છે. ચાલો. પ્રભુ કહે, "આરતી! અમારી આરતી તો નિરંતર ચાલે છે. સંધ્યા, તારા, સમુદ્ર અખંડ આરતી ઉતારે છે. તમે સૌ મંદિરમાં આરતીના દર્શન કરો." એટલામાં એક બેન

આવે છે. પૂ. શ્રીને પ્રણામ કરે છે. પૂ. માએ તે બેનને જોયાં. બંનેએ સ્મિત કર્યું. બેન મંદિરમાં ગયાં. પૂ. માએ નજર રાખી. મંદિરની બહાર બેન ન આવ્યાં. પછી તો અમારે જવાનો સમય થયો. ગાડીનો દરવાજો શાંતિભાઇએ ખોલ્યો. શ્રી ભોજાણી-ભાઇએ પ્રશ્ન કર્યો. પ્રભુ! દિવ્ય સ્થાનનો અનુભવ થયો? પ્રભુ કહે, ''ભગવાન સોમનાથ સ્વયં સ્ત્રીરૂપ ધારણ કરીને પધાર્યા હતા. પણ એમને કોણ ઓળખે?''

આવા બધા લીલાપ્રસંગો નજરે જોઇએ ત્યારે શાસ્ત્રો જીવંત થતાં હોય એમ લાગે છે. પછી સાધના માટે શાસ્ત્રોનો આધાર લેવો પડતો નથી. માત્ર સંતપુરુષનું શરણું જ પૂરતું છે. પૂ. મા અને પ્રભુના લીલાપ્રસંગો શ્રી કલ્યાણે મુક્તપણે વર્ણવ્યા. આ માટે અલગ એક લેખ જરૂરી ગણાય. અંતમાં શ્રી કલ્યાણે માની મહાનતા બતાવતા શેર સંભળાવ્યો.

જબ તક બિકા ન થા, કોઇ પૂછતા ન થા,
મા! તૂમને ખરીદકર, અનમોલ કર દિયા.

ભવસાગરના જળને ભાવનો સાગર બનાવીને સૌ ભક્તોને મા–પ્રભુના પ્રેમરંગે રંગી દીધા. સૌને થયું કે શ્રી કલ્યાણને સાંભળ્યા જ કરીએ.

શ્રી જે. કે. આજકાલ શાસ્ત્રીય સંગીત બેલગામમાં શીખી રહ્યા છે. સ્ટેજ પર અપાતા વક્તવ્યો, ભજવાતાં નાટકો ને રજૂ થતાં કાર્યક્રમોએ એને પણ પૂ. શ્રીનું 'એક માગું છું બસ એક માગું છું, કૃપાનું કિરણ બસ એક માગું છું' પદ ગાવાની પ્રેરણા ધરે છે. પૂ. મા પ્રસન્નતાથી એ વિનંતીને વધાવી લે છે.

સાંજ ઢળી રહી છે. ઠંડીની અસર બધે છે. પ્રવચનોનો રસથાળ મળી રહ્યો છે. જાગાણીએ 'પૂ. શ્રીની દિવ્ય અનુભૂતિ' પર પ્રવચન કર્યું. આજના બધા જ વક્તાઓના પ્રવચનોની સમીક્ષા ડો. અરુણાબેન ઠાકરે વિશદ રીતે કરી. સાંજનું ભોજન સૌ લે છે. રાત્રીની બેઠકમાં દર્શનાબેન પૂ. શ્રીનું પાત્ર બનીને અંગ્રેજીમાં નાટક ભજવે છે. રંજનબેન રાજસ્થાની બોલી બોલીને અભિનય કરે છે, હની, વિજય કલોલા ને અજય કલોલા પણ ગામઠીભાષામાં નાટક કરે છે. સૃષ્ટિ એક ગીત ગાય છે. સવારના ૭–૩૦ થી રાત્રીના ૧૧–૦૦ કલાક સુધી એકધારાં પૂ. માના દર્શન ને સંનિધિનો આજે લાભ મળ્યો છે. આજ વક્તાઓના વક્તવ્યો ખૂબ જ સરસ હતાં. તેમાં દાતા-ઓના દાનની સુગંધ ભળી. કેવા આ દિવસો! ફરી પાછા નહીં આવે એવા!



માનવની પ્રાથમિક જરૂરિયાતોની પરિપૂર્તિ કરવા અથાક પ્રયત્ન કરનાર પુરુષાર્થીએ પણ એ સમજી લેવાની જરૂર છે કે ધર્મ, અધ્યાત્મ અથવા પ્રભુપ્રાપ્તિ માટેની સાધનાની ઉપેક્ષા આખરે કલ્યાણકારક સાબીત નાથી થતી. **–યોગેશ્વરજી**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઇલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# શ્રી શ્રી મા શારદાદેવી—(૧૧)

પ્રો. અરુણિકા મનોજ દરૂ

## (૧૧) જ્ઞાનદાતા ગુરુ

શ્રી મા શારદામણિદેવી તેમના નામ પ્રમાણે સાક્ષાત્ મા શારદા સરસ્વતી સમાં હતાં. શ્રી રામકૃષ્ણ પરમહંસે માતાજી માટે કહ્યું હતું કે, ''એ શારદા સરસ્વતી છે. જગતને જ્ઞાન આપવા આવ્યાં છે.'' અહીં જ્ઞાન એટલે વાસ્તવ જગતની માહિતી, વ્યવહારુ જ્ઞાન નહીં, પણ અંતરનો વિકાસ, જે જીવનમાં આમૂલ પરિવર્તન આણે એવી દિવ્ય અનુભૂતિની સમજ આપનારું શિક્ષણ. ખરેખર, માતાજીનું સૌથી મહત્ત્વનું કાર્ય તત્કાલીન સમાજના સામાજિક, આર્થિક, માનસિક ભીંસમાં અટવાયેલા, અંધકારમાં માર્ગ ભૂલેલા માનવની ઉચ્ચ ચેતનાને જાગ્રત કરી તેને જીવનનો સાચો રાહ દર્શાવવાનું, પ્રકાશના પંથે વાળવાનું રહ્યું હતું. શ્રી મા શારદાદેવીના ઉચ્ચ દૈવી ચારિત્ર્યમાં ત્રિવિધ સ્વરૂપનાં દર્શન સુપેરે થાય છે. 'મા' એટલે માતૃસ્વરૂપે, શારદા એટલે જ્ઞાનદાયિની સરસ્વતી કે ગુરુસ્વરૂપે અને દેવી એટલે દૈવીરૂપે માતાજીના સર્વાંગસુંદર સુમેળભર્યા જીવનમાં આ ત્રણે પાસાંઓ અવિચ્છિન્ન રીતે સંકળાયેલાં જ રહ્યાં હતાં. પણ તેમના ચારિત્ર્યને ન્યાય આપવા માટે સરળતા ખાતર આપણે આપણી સીમાંકિત બુદ્ધિથી એને અલગ અલગ રીતે સમજવા પ્રયત્ન કરીશું.

ગુરુ કોને કહેવાય? કેવળ શિષ્યને પોતાના સંપ્રદાયની કંઠી બંધાવી દે, પોતાની સેવામાં રોકી રાખે, આશ્રમો સ્થાપીને નવો સંસાર ઊભો કરી દે અને એની માયામાં વ્યસ્ત રહે તે ગુરુ



કહેવાય? મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત કવિ અને જ્ઞાની તત્ત્વચિંતક અખાએ તો કહ્યું છે કે જે પોતે જ અહમ્‌માં રાચ્યા કરે અને ભવસાગર તરી ન શકે તે બીજાને શું તારી શકે? સાચા ગુરુ તો પરમેશ્વરને મેળવવાનો માર્ગ બતાવી દે તે કહેવાય. બીજા ગુરુ શાના? કબીરજીએ સાચું જ કહ્યું છે :

ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકો લાગું પાય?
બલિહારી ગુરુદેવકી, જિન્હેં ગોવિંદ દિયો બતાય.

ગુરુ ને પરમેશ્વર બંને સાથે સામે આવે તો પ્રથમ વંદન ગુરુને કરવા ઘટે કારણ કે ગુરુને કારણે તો પરમેશ્વરની પ્રાપ્તિ થઇ શકે.

એવા ગુરુ તે સદ્‌ગુરુ, સાચા સંત, જે પારસમણિથીય વિશેષ હોય. પારસમણિ તો લોહમાંથી કેવળ કંચન પેદા કરે, લોહને પારસમણિ ન બનાવી શકે. જ્યારે સાચા સંત સદ્‌ગુરુ તો માનવીને પશુતામાંથી ઊંચે લઇ જઇ, સાચા માનવી બનાવે. સંત બનાવે.

સાચા ગુરુ શિષ્યનો ભાર સ્વીકારે, પોતે દુઃખ—કષ્ટ ભોગવે પણ શિષ્યનો ઉદ્ધાર કરે. એ પરમાર્થ માટે તો તે શિષ્યને દીક્ષા આપે. દીક્ષા આપવી કંઇ રમતવાત નથી. દીક્ષા આપનારને માથે બોજો વધે. શિષ્યોની ચિંતા તેમણે કરવી પડે. શિષ્યોનો ભાર લીધો હોય તેને માટે જપ કરવા પડે. તેની મુક્તિ માટે પરમાત્માને પ્રાર્થના કરવી પડે. દીક્ષા એ તો ગુરુએ સ્વેચ્છાએ સ્વીકારેલો શિષ્યો સાથેનો સદાનો સંપર્ક કહેવાય. માતાજીએ ભારતના ખૂણેખૂણાથી આવનાર અસંખ્ય લોકોને, આબાલવૃદ્ધ સહુને, નાતજાત, વય કે ભાષાના ભેદ વિના મંત્રદીક્ષા આપી અને તેમને સાધનાની પદ્ધતિ શીખવાડી, સહુનો બોજો સ્વીકાર્યો. પોતે શારીરિક કષ્ટો સહ્યાં અને સહુને મુક્તિના મારગે દોર્યા.

માતાજીની લોકકલ્યાણની ઇચ્છા એટલી પ્રબળ હતી કે જે દિવસે કોઇ દીક્ષા લેવા ન આવે ત્યારે તેમને દિવસ વૃથા ગયો એવો અફસોસ થાય. એનો અર્થ એવો નહીં કે શ્રીમા દીક્ષા આપવા ખાતર આપતાં કે આટલા માણસોને મેં દીક્ષિત કર્યા એવું દુનિયાને દેખાડવાને કે એવી ગણત્રી કરાવવા તેઓ દીક્ષા આપતાં. ક્યારેક તો દીક્ષા લેવા આવનાર હઠ પકડે, આગ્રહ કરે, કંટાળો આપે એવું પણ બનતું. આવનાર અનેક પ્રકારની અશુદ્ધિઓથી ભરપૂર હોય તો માતાજી પોતે જ તેને દીક્ષા આપવાની ના પણ પાડતા. જો કોઇ જીદ કરે કે રડે તો શ્રી માનું કોમળ હૃદય તરત પીગળી જતું. અને પછી ખુદની તબિયત સારી ન હોય તોપણ દીક્ષા આપવાનો પરિશ્રમ કરતાં. કોઇ વાર કોઇ ભક્ત વિરોધ કરે તો શ્રી મા કહેતાં : "અમે જો પાપ અને કષ્ટો ન લઇએ તો બીજું કોઇ તે પચાવશે?" તો વળી ઠાકુર પાસે જઇ પ્રાર્થના કરતાં અને કહેતાં : "હે ઠાકુર! મારું શરીર ટકે ત્યાંસુધી તમારું કાર્ય કર્યે જઇશ."

જે શિષ્યોને દીક્ષા આપી હોય, તેમાંથી જેમનાં નામ યાદ આવે તેમના માટે માતાજી જપ કરતાં. બાકીનાના કલ્યાણ માટે ઠાકુરને પ્રાર્થના કરતાં. દીક્ષા આપતી વખતે શ્રી મા બંગાળી ભાષામાં બોલતાં. શિષ્યો એનો મર્મ સમજી જતા. સુપાત્ર હોય તો અંદરથી તરત મંત્ર ઊઠતો, નહીં તો શ્રી મા ઠાકુર પાસેથી મંત્ર મેળવતા. આ બધા મંત્રો ઠાકુરે આપેલા સિદ્ધમંત્રો હતા. મંત્રોમાં વિશેષ શક્તિ હોય છે. મંત્રોદ્વારા ગુરુની શક્તિ, શિષ્યોમાં પ્રવેશે તેથી શિષ્યોના પાપ ગુરુએ લેવા પડે એવો અધ્યાત્મ માર્ગનો નિયમ ગણાય છે. માતાજીને તેથી ઘણીવાર પીડા થતી. પીડા સહન કરીને પણ પાપી તરફ મમતામયી



ગુરુમાતાની કૃપાદૃષ્ટિ જ રહેતી. શિષ્યોદ્વારા ચરણસ્પર્શથી શ્રી માના પગમાં કેટલીકવાર એટલી તો તીવ્ર બળતરા થતી કે માતાજીને વારંવાર ગંગાજળથી પગ ધોયા કરવા પડતા, છતાં પીડા શમતી નહીં. ભક્તો એ માટે ક્યારેક શ્રી માને ટકોર પણ કરતા. ત્યારે માતાજી કહેતાં : "તમે બધા સુખી રહો, હું જ ભોગવું." તો વળી ભક્તની શ્રદ્ધા દઢ કરવા કહેતાં "ચિંતા ન કર, હું તારી મા છું તો તારે ડરવાની શી જરૂર?" ઠાકુરે મને વચન આપ્યું છે : "જેઓ તમારી પાસે આવશે તેમને અંતકાળે હાથ પકડી હું પાર કરી દઇશ. એટલે તમને લેવા ઠાકુરને આખરે આવવું જ પડશે."

દુર્બળ ભક્ત માતાજી પાસેથી બળ સાહસ ને વિશ્વાસ મેળવતા. માતાજી કહેતાં, "જે લોકો અહીં આવ્યા છે તે તો મુક્ત થઇ જ ગયા છે. વિધાતાની પણ એટલી હિંમત નથી કે મારાં છોકરાંઓને નરકમાં નાખે." આવા અટલ વિશ્વાસ સાથે માતાજી શિષ્યોને નિયમિત જપ કરવા કહેતાં. શ્રી મા પોતે જપનું મહત્ત્વ સમજતાં અને દીક્ષિત શિષ્યોને પણ વારંવાર જપ કરવાનું કહેતાં. તેઓ પોતે પણ નિરંતર જપ કર્યા કરતાં. તેઓ કહેતાં જપતપથી કર્મના બંધનો કાપી શકાય. રોજ પંદરથી વીસ હજારવાર કાળજીપૂર્વક જપ કરો તો તેનું ફળ મળે જ. ઓછામાં ઓછા સવારસાંજ બે વાર નિયમિત જપ દરેકે કરવા જોઇએ. જપના સમય માટે કોઇ વિધિનિષેધ નથી પણ ચોક્કસ સમય તો રાખવો જ જોઇએ. માતાજી પોતે તો ખૂબ વહેલાં ઊઠીને જપ કરતાં. આખો દિવસ ભક્તોની સગવડ સાચવવા શારીરિક શ્રમ કરવા છતાં, વહેલાં ઊઠી જપ કરવાનો તેમ જ રાત્રે સૂતાં સૂતાં જપ કરવાનો તેમને નિત્યનિયમ હતો. તેઓ કહેતાં નામજપથી

બધું જ થઈ શકે છે. મહામાયા પણ રસ્તો છોડી દે છે. પ્રભુ-પ્રાપ્તિ માટે જપતપ, નામસ્મરણ, સ્વાધ્યાય, ગીતાપાઠ વગેરેનું મહત્ત્વ તેઓ સ્વીકારતાં અને શિષ્યોને યોગ્યતાનુસાર સમ-જાવતાં પણ ખરાં. અલબત્ત તેઓ માનતા કે પ્રેમ અને ભક્તિ સિવાય ભગવાન મળે નહીં. માટે આત્મસમર્પણ, શરણાગતિનું મહત્ત્વ સહુથી વધારે ગણતાં એટલે જ અસલ વસ્તુ ભૂલી જઈ, જેઓ બાહ્ય અનુષ્ઠાનને જ ધ્યેય સમજી બેસતા તેમને શ્રી મા સાવધાન કરતાં.

શ્રી મા કહેતાં ઈશ્વરપ્રાપ્તિ માટે ઈષ્ટમંત્રનો જપ. પછી બીજા કોઈ પણ જપ જપી શકાય. પણ તે માટે વ્યક્તિએ પરમ પુરુષાર્થ કરવો ઘટે. મંત્રદ્વારા દેહની શુદ્ધિ થાય. જેમ બીજમાંથી વૃક્ષ થાય તેમ ભગવાનના નામનો બીજમંત્ર જપતાં ભાવભક્તિ મળે. એમ ધીમે ધીમે ધીરજ તથા શ્રદ્ધા રાખી આગળ વધી શકાય. તેમાં નિરાશ થયે ન ચાલે. જેને ભવસાગર પાર કરવાનો સમય થયો હોય તે તો બધાં જ બંધનો કાપી નાંખીને ચાલ્યા આવશે. એને કોઈ બાંધી રાખી શકશે નહીં. પૈસાની તંગી, પત્રનો ઉત્તર, ફોગટ આંટો થશે એવી બીક એને સતાવે જ નહીં. શ્રી મા આવું સ્પષ્ટપણે માનતાં અને શિષ્યોને કહેતાં પણ ખરાં.

માતાજીએ મંત્રદીક્ષા દ્વારા અસંખ્ય લોકોનો ઉદ્ધાર કર્યો. મંત્રદીક્ષા માટે શ્રી મા સહુ પ્રથમ ભક્તોના શુભ સંસ્કાર, વ્યાકુળતા અને પાત્રતા જાણી લેતાં. પતિ દીક્ષિત ન હોય તો તેની પત્નીને પતિની સંમતિ વગર દીક્ષા ન આપતાં. સુપાત્રને માગ્યા વગર પણ દીક્ષા આપતાં. દીક્ષાર્થીના સંસ્કાર પ્રમાણે કુળના ઉપાસ્ય દેવ, કુળનો મંત્ર વગેરે દિવ્યદૃષ્ટિથી જાણીને



દીક્ષા આપતાં. ક્યારેક શિષ્યની પસંદગી પૂછીને તો ક્યારેક પોતાની મરજી મુજબ મંત્ર આપતાં. સ્વપ્નદ્વારા પણ મંત્ર આપ્યા હોય તેવા દાખલા છે. ક્યારેક શિષ્યની અશુદ્ધિ દૂર થયા પછી દીક્ષા આપવા માટે વિલંબ પણ કરતાં. દીક્ષા આપવા માટે સ્થાન અને કાળને ગૌણ ગણતાં. ઉત્તર હિંદના કુલીને વિષ્ણુપુર સ્ટેશને, નજરકેદમાંથી છૂટી આવેલા કિશોરને જગ-દંબા આશ્રમમાંથી નીકળી રાધુના ઘર તરફ જતાં મેદાનમાં ઘાસના આસને બેસીને, રાંચીથી આવેલા કિશોરને પોતાની માંદગીમાં ઓરડાનો દરવાજો બંધ કરીને, એક છોકરાને જયરામવાટીમાં ઘરની છાજલી નીચે ઊભાં ઊભાં, તો ગામડા-માં રહેતી નાનપણની સહેલીને સૂતાં સૂતાં શ્રી માએ મંત્રદીક્ષા આપેલી. તેઓ કાશીમાં દીક્ષા આપતાં નહીં. તેમ જ શ્રી રામકૃષ્ણની જન્મતિથિએ દીક્ષા આપતાં નહીં. છતાં ક્યારેક તેમાં પણ અપવાદ કર્યાના ઉદાહરણો મોજૂદ છે.

દીક્ષાર્થીની માનસિક સ્થિતિ પ્રમાણે માતાજી વ્યવસ્થા કરતાં. એક વાર કુળગુરુ પાસે દીક્ષા લીધી હોય, છતાં માતાજીનો મહિમા જાણી બીજી વાર દીક્ષા લેવા પણ કોઈ કોઈ આવતા. માતાજી તેમને પ્રેમથી સમજાવતાં. પણ જો તેઓ માફી માગે કે રડે તો માતાજીનું કરુણાળુ હૃદય તરત પીગળી જતું. તેમની શ્રદ્ધા દૃઢ કરવા તેમણે લીધેલા મંત્ર સાથે તેઓ નવેસરથી દીક્ષા આપતાં. તેઓ માનતાં કે યોગશિક્ષા માટે બીજા ગુરુ કરી શકાય પણ દીક્ષાગુરુ બદલવા ન જોઈએ. અલબત્ત ધંધાદારી ગુરુઓ સાચા ગુરુ હોતા નથી. ભલે તેના શાપ કે આશીર્વાદ ન ફળે છતાં શિષ્યને પ્રભુનામસ્મરણ કરવા તરફ દોરવાનો ઉપકાર તો તેઓ કરે જ છે.

માતાજીએ ઉત્તર અને પૂર્વ ભારતના લોકોને દીક્ષા આપી હતી. દક્ષિણમાં પણ કૈં કેટલાય લોકો તેમની તીર્થયાત્રા દરમ્યાન તેમની પાસેથી દીક્ષા મેળવી કૃતાર્થ થયેલા. ગામડાના અને શહેરના લોકો, આદિવાસી પ્રજા, રંક કે રાય, સ્ત્રી—પુરુષ, વૃદ્ધ કે બાળક સહુ તેમના વરદહસ્તે દીક્ષા પ્રાપ્ત કરી કૃતાર્થ થયાં. પારસી યુવક હોય કે ભગિની નિવેદિતા હોય, દેશી હોય કે ગોરા વિદેશી હોય, માતાજી સહુને સમદષ્ટિથી જોતાં અને દીક્ષિત કરતાં.

આટઆટલી વ્યક્તિઓ પર ઉપકાર કરવા છતાં માતાજી એ સર્વથી અલિપ્ત રહેતાં. કહેતાં : ''ઠાકુર કૃપા કરે છે, હું તો ફક્ત એમના હાથમાં યંત્રરૂપ છું.'' માતાજી સાચા અર્થમાં સદ્‌ગુરુ, ઉચ્ચ અધ્યાત્મ જ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત કરેલ સિદ્ધ જ્ઞાની વ્યક્તિ હતાં, તે વગર તેમના વ્યક્તિત્વમાં આટલી નિર્મળતા ને નિરહંકારિતા જોવા મળે! દુન્યવી વ્યક્તિ તો પ્રસિદ્ધિ કે નામના મળે તો કેટલી અહંકારી બની જાય! આવું પરમોચ્ચ પદ પ્રાપ્ત થયા પછી, સંસારી વ્યક્તિ તો સત્તાના સિંહાસને બેસીને બીજાઓ પર હુકમ જ છોડે. હાથ નીચેના માણસો અને ભક્તો પાસેથી સેવા સ્વીકારીને પોતે તાગડધિન્ના કરે. જ્યારે માતાજીએ તો કુટુમ્બીજનોની, મળવા આવનાર ભક્તજનોની, ખાવા—પીવા—રહેવાની સગવડ સાચવવાનું કાર્ય સદા પોતાને હસ્તક જ રાખ્યું તથા કોઇ જાતના થાક, કંટાળા કે અણગમા વગર સાહજિક રીતે સતત સંભાળ્યે રાખ્યું. એ કંઇ નાનીસૂની સિદ્ધિ નથી. સહુના માતા અને ગુરુ બનીને સહુને પાંખમાં લીધાં, સાચવ્યાં તેમને સાચે માર્ગે દોર્યા. પ્રેમભરી હૂંફ આપી. તેમનામાં વિશ્વાસ અને શ્રદ્ધા વધાર્યા. જીવનને ધન્ય બનાવવા પ્રેર્યા.

શ્રી મા ખરે જ સાચા ગુરુ સદ્‌ગુરુ હતાં. ○



### સ્વર્ગારોહણતીર્થમાં

# પ્રથમ ભારતીય યોગાસન સ્પર્ધા

ડૉ. બી. જે. જાગાણી

સ્વર્ગારોહણતીર્થમાં સાધકો સાધના કરવા આવે છે. સેવાભાવીઓ સેવા કરવા, સુપાત્રો દાન સ્વીકારવા આવે છે. સંસારના તાપથી તપ્ત થયેલાઓ શાંતિ મેળવવા અને જેનામાં સુષુપ્ત શક્તિઓ પડી છે તેવા જીવો મા—પ્રભુની પ્રગટ ને પ્રચ્છન્ન નિશ્રામાં તે શક્તિઓને પ્રગટાવીને રાષ્ટ્ર ને વિશ્વના સ્તર પર પ્રસરાવવા આવે છે. તા. ૧૯ થી ૨૧, ઓગષ્ટ—૨૦૦૬ દરમિયાન રાષ્ટ્રકક્ષાની યોગાસન સ્પર્ધા અહીં યોજાઇ ગઇ. આ સ્પર્ધામાં ભારતના કુલ દશ રાજ્યોના કુલ ૨૦૬ વિદ્યાર્થી ભાઇ—બહેનોએ ભાગ લીધો.

પાંચ ગ્રૂપમાં વહેંચાયેલા—૫ વર્ષથી નીચેના, ૧૦ વર્ષથી, ૧૫ વર્ષથી અને ૨૦ વર્ષથી નીચેના અને ૨૫ વર્ષથી ઉપરના વિદ્યાર્થી ભાઇઓ—૧૧૩ અને ૮૩ બહેનોએ આ યોગાસન સ્પર્ધામાં ભાગ લીધો. ભાઇઓમાંથી યોગાસનમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર શ્રી મહેશભાઇ ચૌહાણને મિ.યોગી અને બહેનોમાંથી પૂજા રાજપુરોહિતને મિસ યોગિની તરીકે જાહેર કરવામાં આવ્યાં, ને તેઓને મેડલ, ટ્રોફી, સર્ટિફિકેટથી સન્માનવામાં આવ્યાં. ગુજરાતને ગૌરવ લેવાની ઘટના એ છે કે ભાઇઓ અને બહેનોની આ સ્પર્ધામાં બંને ઉત્કૃષ્ટ દેખાવ કરનારાઓ ગુજરાતના છે. પંજાબ, રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, હરિયાણા, ગુજરાત, જમ્મુ—કાશ્મીર, દિલ્હી વગેરે રાજ્યોમાંથી કુલ ૧૩ સંસ્થાએ આ સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં ગુજરાત

રાજ્યને ૨૧૩ પોઈન્ટ મળતાં જનરલ ચેમ્પીયન તરીકે તેને જાહેર કરવામાં આવ્યું, તો બીજા ક્રમે પંજાબ અને ત્રીજા ક્રમે મધ્યપ્રદેશ રાજ્યો આવ્યાં.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ અને લાઈફ મિશન પ્રેરિત ફેડરેશન ઓફ યોગ એન્ડ કલ્ચર દિલ્હીના સંયુક્ત પ્રયાસથી થયું. દિલ્હીથી આદિત્ય ચૈતન્ય સ્વામી અને ભાવનગરથી શ્રી આર. જે. જાડેજા, નીખિલદેવ આચાર્ય, શ્રી સી. જે. ઝાલાએ આ કાર્યક્રમને સફળતા આપવા તનતોડ મહેનત કરી. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ સર્વશ્રી રાજુભાઈ જાની, શ્રી બીપીનભાઈ તન્ના તથા શ્રી વિજયભાઈ કનેરિયાએ ઉતારા, ભોજન, મંડપ, સ્ટેજ વગેરેની માળખાગત સુવિધાઓ પૂરી પાડી યોગદાન આપ્યું.

કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે મહિલા આર્થિક વિકાસ નિગમના ડાયરેક્ટરશ્રી કે. એમ. કનોજિયા (IAS), જિમ્નાસ્ટીક્સ એસોસીયેશનના ઈન્ટરનેશલ રેફ્રી શ્રી કૌશિક બીડીવાલા ઉપસ્થિત રહ્યા અને સમાપન સમારંભમાં ગુજરાત રાજ્યના માજી મંત્રીશ્રી લીલાધર વાઘેલા, ગુજરાત યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેક્ટરશ્રી બી.ડી.વનાર ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હર્ષદભાઈ સોલંકીએ કર્યું, યોગાસન સ્પર્ધા માટે આયોજક મંત્રી તરીકે શ્રી પથુજી ઝેડ. ઠાકોરે સેવાઓ આપી.

પ્રત્યેક સ્પર્ધકને સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પ્રમાણપત્ર અને અભ્યાસ માટેની પ્લાસ્ટિકની કીટ, ઉતારાની તથા જમવાની મફત સેવા આપી. ઈન્ડીયન ફેડરેશન ઓફ યોગ એન્ડ કલ્ચર તરફથી ઉત્કૃષ્ટ દેખાવ કરનારને મેડલો, અને સર્ટિફિકેટો આપવામાં આવ્યાં.



આ ત્રણ દિવસ દરમિયાન યોગધામ અને યોગતીર્થના હોલમાં સ્પર્ધાકોદ્વારા સતત આસનો થતાં રહ્યાં. આસનો કરતા બાળકો, યુવકો ને યુવતીઓને જોવાનો લ્હાવો સ્વર્ગારોહણના સૌ સાધકોએ મનભરીને માણ્યો. સ્પર્ધકોનાંનાં શરીરો જાણે રબ્બર જેવાં લાગે. જાણે તેમાં હાડકાં જ નથી. આવાં શરીર રાખવા માટે સ્પર્ધકોએ કેટલાય દિવસથી સાધના કરી હશે, તો જ તે શક્ય બને. સતત વરસાદને લીધે ગુજરાતમાં પૂરની સ્થિતિ હોવા છતાં પણ આટલા સ્પર્ધકો, આ તીર્થભૂમિમાં પધાર્યા ને ઉત્તમ સેવાઓ પામી શક્યા એ મા–પ્રભુની અસીમ કૃપાનું જ પરિણામ.

પૂ. મા ભલે અમેરિકામાં હોય પણ પૂ. માની સૂક્ષ્મ ઉપસ્થિતિ બધાયે અંતરથી અનુભવી. તેનું વર્ણન ઉદ્‌ઘાટન અને સમાપન સમારંભમાં બધાંએ કર્યું. પૂ. માએ અમેરિકાથી સૌને પ્રેરણાદાયી સ્લખિત સંદેશ મોકલ્યો, જે શ્રી વિજયભાઈ કલોલાએ વાંચી સંભળાવ્યો. સંદેશો આ મુજબ છે :

ૐ યોગેશ્વરાય નમઃ

**ઓગસ્ટ–૬**

**રાષ્ટ્રકક્ષાની યોગાસનની હરિફાઈ શ્રી સ્વર્ગારોહણ ક્ષેત્રે યોજાઈ રહી છે. તે ગૌરવ અને આનંદની વાત છે.**

**તનમનના આરોગ્યના પ્રણેતા પૂ. શ્રી ગુરુદેવપ્રભુ શ્રી યોગેશ્વરજીના આશીર્વાદ ભાગ લેનારા સર્વ ઉપર વરસો. દરેક હરીફ સાચે જ પૂ. શ્રી યોગેશ્વરજીના આશીર્વાદથી સાચો યોગી બને.**

**આ પવિત્ર તીર્થક્ષેત્રે એવા આશીર્વાદ સાથે પ્રેરણાનું ભાથું સૌ બાંધી શકે એવી હે હરિ, આપ સૌને શક્તિ ધરો.**

**સૌ અતિથિઓનું સ્વર્ગારોહણના આંગણે સ્વાગત છે.**

**ફરી ફરી અહીં પધારજો અહીં આ ક્ષેત્રને સેવાની તક આપી તે માટે આયોજકોને ધન્યવાદ.**

**સ્વર્ગારોહણના સર્વ યુવાનો, નાના, મોટા સેવકોના પરિશ્રમને હે હરિ આપ વધાવીને તે સૌને આપના શ્રી ચરણે સ્થિર રાખજો. એ સેવકોની નાનકડી સેવાને આપ કઠોર તપશ્ચર્યા માની વધાવજો.**

**શ્રી રાજુભાઈ જાની અને એમના સર્વ સાથી મિત્રોને ફરી ફરી અભિનંદન.**

**શ્રી દેસાઈ દંપત્તિ પણ શ્રેષ્ઠ સેવાની પગદંડી પ્રગટાવી રહ્યાં છે.**

**કાર્યક્રમ સફળ થાવ. આવા અનેક કાર્યક્રમો આ ધરતી ઉપર થતા રહો અને તીર્થક્ષેત્ર પોતાનું નામ દીપાવે એવી પ્રાર્થના.**

**— મા**

સ્વર્ગારોહણની યુવા ટીમે (હેમલ, તેજસ, વિજયભાઈ કલોલા, કૌશિક, નિલેશ, કનુભાઈ, દીપુ, જયુ, સ્તુતિ, મયૂરી, ગાયત્રી, કૃપા વગેરે) ઉત્કૃષ્ટ સેવાઓ આપી. ભોજન વ્યવસ્થા માટે શ્રી લાલાભાઈ, દિલિપભાઈ, શ્રી ઈશ્વરભાઈ, શ્રી નાથાભાઈ, શ્રી પ્રભુભાઈએ ભારે જહેમત ઉઠાવી.

યોગેશ્વર પરિવારના સૌથી વધુ ઉંમરના વડીલો સર્વ શ્રી નારાયણભાઈ જાની, શ્રી કલ્યાણ, શ્રી શાંતિભાઈ કનેરિયાએ પણ આ કાર્યક્રમમાં યથાયોગ્ય ભૂમિકા અદા કરી. શ્રી દમયંતીબેન અને જયુની સુરીલા કંઠની મંડળીએ મા—પ્રભુનાં પદો—પ્રાર્થના પ્રસંગોચિત ગાયાં ને સૌને પ્રભાવિત કર્યા. શ્રી



ઘનશ્યામભાઈ દેસાઈ ને રંજનબેને સૌને સ્વર્ગારોહણતીર્થમાં આવકાર્યાં. શક્તિભુવનના મેમેજર શ્રી અરવિંદભાઈ ત્રિવેદીએ સરાહનીય સેવાઓ આપી.

સૌનો પ્રતિભાવ એ રહ્યો કે સ્વર્ગારોહણતીર્થમાં આ સ્પર્ધા થઈ ને સૌને ઉત્તમ સુવિધા મળી, શાંતિ મળી ને સૌ આનંદિત થયા. આંતરરાષ્ટ્રીય સ્પર્ધા પણ અહીં જ થાય તેવી ભાવના વ્યક્ત કરી.

ત્રણ દિવસ સુધી એકધારા વરસી રહેલા વરસાદની હેલી વચ્ચે પણ આ કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો, તે જ પૂ. મા—પ્રભુની કૃપા લેખાય, એવો ભાવ સૌએ પ્રદર્શિત કર્યો.

સ્થૂલ વસ્તુઓની ખોટના પરિણામે જે આઘાત કે દુઃખ થાય, તેના કરતાં જીવનમાં આશાભંગનું દુઃખ વધારે ભારે હોય છે. **—સુબોધવાક્ય**


**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**

**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# રોગનિદાન યજ્ઞનિમિત્તે પૂ. માનો સંદેશ

ૐ યોગેશ્વરાય નમઃ ઓગષ્ટ–૦૬

આપણે આંગણે દરવરસે એક–એક સેવાનું નવું સોપાન સર થઈ રહ્યું છે.

શ્રી ગુરુદેવ પ્રભુ જ એના આયોજક છે. એમણે ધારેલી યોજના દરેક વરસે એમણે જ પાર પાડી છે.

આ વરસે વળી એમણે આ નવી જ સેવાની દિશા ઉપાડી છે.

આપણે સૌ સાથે મળીને એ સેવાની સોનેરી તકને વધાવીએ.

સેવા સદ્ભાગીને જ સાંપડે. એ રીતે સૌ દર્દીનારાયણની સેવામાં હાજર થાય. આપણે આંગણે પધારેલા દર્દીનારાયણને આદરથી સન્માનીએ. એમના મિત્ર બનીને એમને સહાયક થઈએ. ખૂબ પ્રેમથી તે સૌને વધાવીએ.

આપણે સાથે મળીને પ્રાર્થના કરીએ કે એ દર્દીનારાયણો પૂર્ણ આરોગ્ય પ્રાપ્ત કરીને આપણા તીર્થક્ષેત્રે ફરી–ફરી દોડતાં–દોડતાં પધારે.

શ્રી રાજુભાઈ જાની, બધા નાના–મોટા ભાઈઓ જાણે એક જ પરિવારના અંગ બનીને સર્વોત્તમ સંપનો સંદેશ સૌને ધરી રહ્યા છે.

મા તો વિદેશમાં વસે છે પણ તેના પ્રભુ સ્વર્ગારોહણમાં પણ ફર્યા કરે છે. હા, એ તો બાળકોની આસપાસ જ ઘૂમ્યા કરે છે.

શ્રી હરિ સાથે જ છે તો સતત શુભેચ્છા ને આશીર્વાદ પણ સતત વરસ્યાં જ કરે છે.

હે દર્દદેવતાઓ આપ આરોગ્યનો પ્રસાદ પામી આ તીર્થ-ક્ષેત્રને આશીર્વાદ ધરતા જાવ.

—મા



# પોલિયો કેમ્પ

રાજુભાઈ જાની

**पंगुं लंघयते गिरिम् ।**

સ્વર્ગારોહણ, અંબાજીની પૂ. શ્રી યોગેશ્વરજીની તીર્થભૂમિ ઉપર તેમની કૃપા અને ઈચ્છા અનુસાર અનેક સેવાના કાર્યો થતાં રહે છે. પૂ. શ્રી મા સર્વેશ્વરીની પ્રેરણા અને આશીર્વાદથી એક નવા જ ક્ષેત્રમાં સેવાકાર્યનું આયોજન આ વર્ષે થયું.

પૂ. શ્રી યોગેશ્વરજીના પ્રાગટ્યદિન ઉત્સવની સાથે જ તા. ૧૬ ઓગષ્ટ ૨૦૦૬ ના રોજ ભાવનગરની ''શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ સોસાયટી ફોર રિલીફ એન્ડ રીહેબીલીટેશન ફોર ધ ડીસેબલ્ડ'' સંસ્થાના સહયોગથી 'બાળલકવા–પોલીયો ઓપરેશન પરીક્ષણ કેમ્પ'નું આયોજન થયું.

પૂ. શ્રી મા સર્વેશ્વરીએ તેમની વિદેશ યાત્રાના પ્રારંભે જ લંડન પહોંચી સૂચન કર્યું કે સમાજમાં અપંગ–વિકલાંગ વ્યક્તિઓની સેવા માટે આયોજન કરો. પૂ. શ્રી માના દિશાસૂચન સાથે જ યુવાન સાધકો–સેવકો સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા નીચે આ કાર્યમાં લાગી ગયા.

દેશભરમાં પોલીયો નાબૂદી અભિયાન છેલ્લા કેટલાક વર્ષોથી ખૂબ અસરકારક રીતે ચાલી રહ્યું છે, જેના પરિણામે ગામમાં બે–ચારથી વધારે વ્યક્તિઓ પોલીયો અસરગ્રસ્ત ન જ મળે. આથી યુવાનોએ મોટર સાયકલ–તેમ જ ઉપલબ્ધ વાહનોનો ઉપયોગ કરી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને પાટણ ચાર જિલ્લાઓમાં સંપર્ક કાર્ય વિસ્તારી દીધું.

હેમલભાઇ, સ્નેહલભાઇ, રાજુભાઇ, બિપીનભાઇ, તેજસ, વિજયભાઇ કનેરીયા, વિજય કલોલો, નિલેશભાઇ (ભાવનગર) આશિષભાઇ, દીપકભાઇ, તારકભાઇ, અરુણાબેન, પ્રચેતાબેન સૌ સંપર્ક કાર્યમાં જોડાઇ ગયાં. તેના પરિણામે લગભગ ૧૦૦૦ ઉપરાંત આવા દર્દીઓનો વ્યક્તિગત સંપર્ક થઇ શક્યો.

૧૬ ઓગષ્ટના દિવસે અંબાજી આસપાસના વિસ્તારોમાં, તેમ જ આખા ઉત્તર ગુજરાતમાં ખૂબ જ વરસાદના પરિણામે વાહનવ્યવહાર સ્થગિત થઇ ગયો. અંબાજી આવવાના બંને રસ્તાઓ બંધ થઇ ગયા. બસો પણ બંધ. તેમ છતાં ૧૩૫ દર્દીઓ સ્વર્ગારોહણ તીર્થમાં પોતાની રીતે તેમના પરિવારજનો સાથે પહોંચી શક્યા. સામાન્ય સંજોગોમાં પણ વિકલાંગ બાળકોને લઇ મુસાફરી કરવી કઠિન હોય છે પરંતુ આવા વરસાદ વચ્ચે પણ આટલા બાળકોને લઇ માતા–પિતા આવ્યાં તે પ્રભુની જ કૃપા!

ડોક્ટર શ્રી જાડેજા (જેઓ આર્થો.એન્જીનીયરીંગમાં ગોલ્ડ મેડલીસ્ટ છે) એકદમ યુવાન હોવા છતાં વિનમ્ર અને સેવાભાવી હોવાના કારણે દરેક બાળકોનું તેમણે કાળજીપૂર્વક પરીક્ષણ કરી નિદાન કર્યું.

અહીં પરીક્ષણ માટે આવેલ ૧૩૫ બાળકો–યુવાનો પૈકી ૩૯ કેઇસમાં મલ્ટીપલ ઓપરેશન (એક કરતાં વધારે) જરૂરી હોવાથી તેમનાં ઓપરેશન ભાવનગરની શ્રીમતી પરસનબેન પોલીઓ અને ઓર્થોપેડીક હોસ્પીટલમાં વિનામૂલ્યે થશે. દરેક દરદી એક પરિવારજનને સેવા માટે સાથે લાવી શકશે તેવી વ્યવસ્થા સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટે સંસ્થા સાથે કરી છે. આ



દરેક દર્દીઓને અંબાજીથી ભાવનગર ગ્રૂપમાં પહોંચાડવાનું કાર્ય પણ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ સંભાળશે.

અન્ય ૨૪ કેસનાં ઓપરેશન અંબાજીમાં કરવાનું વિચારાઇ રહ્યું છે. આ ઉપરાંત ૨૮ બાળકોને કેલીપર્સ આપી ચાલતા કરાશે કારણ કે તેમનાં ઓપરેશન થઇ શકે તેમ નથી.

આ કાર્ય સફળ થતાં લગભગ ૯૦ બાળકો પોતાની રીતે સ્વનિર્ભર બની ચાલતાં થશે. તેમની વિકલાંગતાની મર્યાદા દૂર થશે. બાકીના દર્દીઓને કસરતથી સારું થઇ શકે તેમ હોઇ તેમને માર્ગદર્શન આપવાની સેવા શ્રી મયૂરીબેન અને દીપકભાઇ ટેઇલરે કરી.

વરસાદના કારણે અનેક લોકો ન પહોંચી શક્યા તેથી ફરીવાર એક પરીક્ષણ કેમ્પનું આયોજન પૂ. શ્રી માની ઉપસ્થિતિમાં કરવાનું સર્વમંગલ ચેરી. ટ્રસ્ટે વિચાર્યું છે. આ માટે પી. એન. આર. સોસાયટી ભાવનગરે સહયોગ આપવા અનુમતી આપી દીધી છે.

પૂ. શ્રી માના કૃપાઆશિષથી આ વિકલાંગ બાળકો પણ અવશ્ય ગાતા થઇ જશે. **'पंगुं लंघयते गिरिम् ।'**

આ કેમ્પમાં આવેલ દર્દી અને તેના પરિવારજનો સહિત લગભગ ૪૦૦ વ્યક્તિઓને પ્રસાદ તથા બપોરનું ભોજન પણ ટ્રસ્ટદ્વારા આપવામાં આવ્યું. શ્રી યોગેશ્વર પરિવારના ૬૦ જેટલા સાધક ભાઇબહેનોએ પોતાની સેવા જુદા જુદા વિભાગોમાં ખૂબ પ્રેમપૂર્વક આપી. વિપરિત પરિસ્થિતિ વચ્ચે પણ કેમ્પને સફળ કર્યો તે માટે તેઓ સૌ ઉપર પૂ. મા–પ્રભુના આશીર્વાદ ઉતરો એ જ પ્રાર્થના.

**૬૦ મું સ્વાતંત્ર્ય પર્વ**

**જ્યારે જનજીવન બન્યું જળબંબાકાર, સરકાર ઊભી રહી અડીખમ, કરી સહાય ધમધોકાર...**

તા. ૧ ઓગસ્ટથી જળસંકટ
૧૧ જિલ્લાઓ અને ૧૨૫ તાલુકાઓમાં વર્ષનો ૧૫૦ ટકા વરસાદ
૭૮૦૦ ગામો પૂરથી અસરગ્રસ્ત : ૩૦ નદીઓ અને ૧૧૧ જળાશયો છલકાયા
૧ કરોડનું જનજીવન પ્રભાવિત

**સંકટની ઘડીમાં સરકારે એવી રીતે જનતાની સેવા કરી કે પૂરના ઇતિહાસમાં ઓછામાં ઓછી જાનહાનિ થઇ**

- ત્વરિત આયોજન, ત્વરિત પગલાં, ત્વરિત સહાય.
- વિપુલ સંખ્યામાં સ્વૈચ્છિક, ધાર્મિક અને સામાજિક સંગઠનો તરફથી અપ્રતિમ સહાય.
- અગમચેતીના પગલાં તરીકે લોકોને સલામત સ્થળે ખસેડવામાં તંત્રે દાખવેલ સંવેદનશીલતા.
- દવાઓ, ફુડપેકેટ્સ, પીવાના પાણીના પાઉચ વગેરેના વિતરણમાં સ્વયંસેવકોના ઘોડાપૂર.
- મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને તમામ કર્મયોગીઓનો પંદર દિવસ સેવાનો અહર્નિશ મહાયજ્ઞ.

***જળ સંકટ સામે ઝઝુમવા...***
***મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ઉદાર હાથે ફાળો આપીએ...***

*માહિતી/વપન/૨૦૦૬/ગ–૨/૧૪–૮–૦૬*



# ‘પ્રકાશના પંથે’—સ્વરૂપ અને સિદ્ધિ—(૩)

(ગતાંકથી ચાલુ) ડૉ. મનોજ દરૂ

પૂ. યોગેશ્વરજીએ એ બાબત સ્પષ્ટ કરી છે કે ‘આ કથામાં મોટે ભાગે આધ્યાત્મિક જીવનના જ તાણાવાણા જોવા મળે તો તેથી કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. મારું આજ સુધીનું જીવન જ આધ્યાત્મિક છે. આત્મિક ઉન્નતિને માટે જ તેનો ઉપયોગ થયો છે. તેની કથા આત્મિક ઉન્નતિને માટેની સાધનાની કથા છે.’ ગાંધીજીએ પોતાની આત્મકથાને ‘સત્યના પ્રયોગો’ નામ આપ્યું છે પણ ‘પ્રકાશના પંથે’ની સામગ્રી વિશેષપણે આધ્યાત્મિક-ક્ષેત્રના વિકાસની છે એટલે ‘અધ્યાત્મના પ્રયોગો’ નામાભિ-ધાનને પાત્ર છે. પ્રયોગ એટલે માત્ર experiment નહીં પણ પ્ર+યોગ, વિશેષપણે કે વિશિષ્ટપણે યોગ—યુજ્ ધાતુપરથી જોડાવું, એ અર્થમાં પણ. આધ્યાત્મિકતા પોતે જ એવો સૂક્ષ્મ પદાર્થ છે જેની પૂરી આકૃતિ પ્રત્યક્ષ કરવાનું કામ ઘણું વિકટ છે. પૂ. યોગેશ્વરજીએ પોતાની સાધના અવસ્થાના અનુભવો સમર્થ રીતે આલેખ્યા છે. ઉપવાસ, તપશ્ચર્યા, ધ્યાન પ્રાર્થના સમવેત એમની સાધના અને યોગસમાધિની એમની કથા અદ્‌ભુત રીતે આલેખાયેલી છે અને આ સંખ્યાબંધ અનુભૂતિ-ઓની અભિવ્યક્તિ સાધવા એમની વાણી સમર્થ છે. એમના અનુભવો અને એમની સહજ અભિવ્યક્તિઓ એમના જીવનની અને એમની આત્મકથાની સિદ્ધિ છે.

હિમાલયક્ષેત્રમાં એમની સાધના અવસ્થા ખૂબ પાંગરી છે. અને આધ્યાત્મિક અનુભવોથી જીવન અને સમગ્ર સંવિત્ત સમૃદ્ધ રહ્યું છે. એમાં ખાસ કરીને એમને લાધેલાં અવનવાં દર્શન એમને એક બાજુથી ઉચ્ચ યોગીને સ્થાને બિરાજમાન કરે છે

અને બીજીબાજુથી આપણી પ્રભુજી પરની શ્રદ્ધાને દૃઢ કરે છે. રામ અને બુદ્ધનું દર્શન, લક્ષેશ્વર મહાદેવની કુટિયામાં પ્રકાશનું દર્શન અને સંગીતની અનુભૂતિ, હનુમાનજીનું દર્શન, મા જગદંબાનું દર્શન, રિદ્ધિ, સિદ્ધિ, અષ્ટયોગ સિદ્ધિઓ નવનિધિઓદ્વારા હરિપ્રાપ્તિ, નર—નારાયણનું દર્શન એમની કેટલીક સિદ્ધિઓ છે. નારદમુનિ પણ એમની સામે પ્રગટ થયા છે. સંતોમાં રમણ-મહર્ષિ, જ્ઞાનેશ્વર, નિવૃત્તિનાથ, સમાધિદશાનો અનુભવ કરાવ-નાર અવધૂતનું દર્શન આદિ સિદ્ધિઓથી સમજાય છે કે કિશોર અવસ્થામાં જ એમનો મહાન યોગી થવાનો સંકલ્પ મૂર્ત થયો. સર્પ—સ્વપ્નદર્શનમાં 'તમે એક મહાન પુરુષ થશો તે માટે જ તમારો જન્મ છે.' એવી ભવિષ્યવાણી એક નાની મૂર્તિએ કરેલી તે સિદ્ધ થઇ. સોમાભાઇ વ્યાસ જેવાએ એમની બ્રહ્મજ્ઞાની દશાને પારખેલી. વિવિધ પ્રકારની દશાના અનુભવમાં પૂર્વ-જન્મનું જ્ઞાન મહત્ત્વનું છે. પછી તો ગાંધીજી જેવાના પૂર્વજન્મ વિશે પણ જાણેલું. એટલું જ નહીં રાજનૈતિક પરિણામોનું પણ એમણે ભવિષ્ય દર્શન કરેલું.

એમના કેટલાક અતૃપ્તિકર પ્રસંગો માટે પણ એમણે ઢાંક-પિછોડો કર્યો નથી. બોર્ડિંગમાં સંચાલકોને ગૃહપતિઓને કારણે વ્યક્તિત્વમાં રહી ગયેલી કચાસ, કિશોર અવસ્થામાં આરંભમાં શરીરસાધના પ્રત્યે અરુચિ, શ્રી અરવિંદને લખેલ પત્રનો પ્રતિ-ભાવ નિરાશાજનક, સ્વામી શિવાનંદે પણ પ્રથમ સારો પ્રતિ-ભાવ ન આપ્યો, મા આનંદમયીએ પણ એમની પૂર્વજન્મની વાત ન સ્વીકારી. એ બધા બયાનમાં તેઓ રાગદ્વેષ, ઘૃણા તિરસ્કારથી પર રહ્યા છે.

'પ્રકાશના પંથે' આત્મચરિત્રનો મહત્તમ ભાગ વર્ણનોનો છે. નવલરામે કહ્યું છે કે ચરિત્રકારમાં 'શોધ, સત્યતા, વિવેક



અને વર્ણનશક્તિ હોવાં જોઈએ.' અન્યનું ચરિત્ર લખવા માટે સંશોધન આવશ્યક બને છે. અહીં તો એને સ્થાને આત્મ-નિરીક્ષણ જરૂરી છે. સત્યનિષ્ઠતા વિશે આ પૂર્વે ઉલ્લેખ કર્યો છે. વિવેકના સંદર્ભમાં હેય ઉપાદેયની બાબતમાં પ્રભુજી સ્પષ્ટ છે. આગળ જણાવ્યું તેમ એમણે કહ્યું છે કે 'આત્મકથાનું આલેખન એક કળા છે.' એ કળામાં જ ખરો વિવેક આવી જાય છે. પૂ. યોગેશ્વરજીએ જણાવ્યું છે કે 'અહીં જે વાતો લખવા જેવી લાગી તે જ લખેલી છે. સાધનાના પ્રદેશમાં થયેલા અનુ-ભવોમાંના પણ થોડાઘણા જ, જે જાહેર કરવા જેવા લાગ્યા તે જ જાહેર કર્યા છે. આત્મકથા લખનારે જીવનની બધી કથા લખવાની નથી હોતી.' આમ બિનજરૂરી બાબતોને આત્મ-કથામાં સ્થાન નથી. એમ કરવાથી આત્મકથા બિનઉપયોગી પ્રસ્તારવાળી અને મહત્ત્વવિચ્છિન્ન થઇ જાય છે. પ્રભુજીની આત્મકથામાં ક્યારે પણ સ્વરૂપ જોખમાયું નથી. નાનપણથી જ એમને 'રોજનીશી લખવાની ટેવ હતી. તે ટેવ ઉપકારક લાગવાથી લાંબા વખત સુધી ચાલુ રહી.' તે કારણે 'પ્રકાશના પંથે' જેવી બૃહદ આત્મકથા આપણને સાંપડી છે. સામાન્ય રીતે પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થા વખતે આત્મકથા લખાય છે ત્યારે લેખક પૂર્વજીવનને યાદ કરી સામગ્રી આપે છે પરંતુ સ્મૃતિ ક્યારેક છેહ દે છે અને સત્યને વફાદાર રહેવામાં ખામી આવી જાય છે. પૂ. યોગેશ્વરજી પાસે નોંધ તૈયાર જ હતી અને સ્મૃતિ સતેજ હતી એ બેના મેળથી આત્મકથા અત્યંત શ્રદ્ધેય બની છે. ગોવર્ધનરામ અને નરસિંહરાવ જેવાએ રોજનીશી લખી છે પણ એની આત્મકથા મળી નથી. પ્રભુની ઇચ્છા પ્રમાણે પૂ. યોગેશ્વરજીની આત્મકથા સર્જાઇ.

વર્ણનોમાં પૂ. યોગેશ્વરજીની અદ્ભુત સિદ્ધિ વર્તાય છે. જે કાંઇ કહેવાનું છે ઉચિત શબ્દોમાં ઉચિત આકારમાં તેઓ

આલેખતા ગયા છે. આ વર્ણનોમાં વ્યક્તિઓના, ઘટનાઓના, કુદરતના, સંસ્થાઓના, સ્થળોના, ચમત્કારક અનુભવોના, મનોદશા અને વ્યાકુળતાના એકસરખાં સુરેખ છે. વ્યક્તિઓનાં વર્ણનોમાં દેવો, સંતો, સાધારણ સાધુ તથા માનવીઓ, એમ પણ વૈવિધ્ય જણાય છે.

આ બધા વર્ણનોમાં ઘણે સ્થળે એમની દૃષ્ટિ પૃથક્કરણાત્મક અને આંતરનિરીક્ષણની રહી છે. પ્રસંગો, અનુભવો યાત્રાઓ અને વ્યક્તિમેળાપો આદિનું એમણે સરસ આલેખન કર્યું છે દરેક વખતે એમાંથી કોઈ સારગ્રાહી પ્રતિભાવ પણ આવ્યો છે. ચિંતન મનન તો એમના સ્વભાવનું મુખ્ય લક્ષણ રહ્યું છે એટલે કોઈ પણ વર્ણનમાં એ અનુસ્યૂત દેખાય છે. આ બધાં જ વર્ણનો સ્વસ્થ ચિત્તનાં છે, ક્યાંય અકળામણ કે બેબાકળાપણું વર્તાતું નથી. આમ દક્ષિણેશ્વરના યાત્રામાં ખોટે માર્ગે ચઢી ગયા પછી એમાંથીયે મંગલ અર્થ જ તારવ્યો છે. મોડા પડવાથી રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. આરંભમાં માતાનાં માતા રૂખીબાને મરણના એંધાણ આગળથી મળેલાં તેનું વર્ણન ધ્યાન ખેંચે એવું છે. પણ એમની ચિતાને જોઈને અનાસક્તિ અને આત્મોન્નતિનું સંવેદન અનુભવે છે તે મહાનતાનું લક્ષણ છે. ટિહરીની ઘટનાનું વર્ણન તો ખૂબ પ્રભાવિત કરે એવું છે. જેમાં પ્રભુએ ખડા કરેલા આખા ગામનું વર્ણન એમણે રજૂ કર્યું છે. અનાથાશ્રમ, શિષ્યાને ભણાવવા જતાં થયેલો અનુભવ, લગ્નજીવનની સમસ્યા, હરદ્વાર ઋષિકેશની યાત્રા આદિનાં વર્ણન. એમના પવિત્ર વ્યક્તિત્વનાં દ્યોતક છે.

રામ અને બુદ્ધના દર્શનનું આલેખન ચિત્રાત્મક છે. ખેચરીનો પ્રયોગ ઘણો સરસ રીતે સ્પષ્ટ કર્યો છે. ચંપકભાઈનું આપેલું વ્યક્તિચિત્ર તેમનો સમર્પણભાવ અને તેમના અવસાનના પ્રસંગનું નિવેદન અત્યંત હૃદયસ્પર્શી છે. હિમાલયનું આકર્ષણ



તો પ્રભુજીને પહેલેથી હતું. એનાં વિવિધ સ્થળોનાં વર્ણન જીવંત અને ગમી જાય એવાં છે. ગંગાતટે સૂર્યોદયનું વર્ણન, દશરથાચલના માર્ગનું કે શાંતાશ્રમનું વર્ણન સુભગ છે. હરદ્વાર અને ઋષિકેશ જેવા સ્થળોની તુલના પણ એમણે કરી છે. નેપાળીબાબા, ઉડિયાબાબા, વેદબંધુ, મગરસ્વામી વગેરેના વ્યક્તિચિત્રો અને તેમની સાથેના અનુભવોનું બયાન આધ્યાત્મિકતાના વિકાસને સુસંગત છે. સ્થળવિશેષોનું એમનું અવલોકન સુરેખ અને સમરેખ થવા પામ્યું છે. સૌથી વિશેષ વર્ણનો એમની વિવિધ મનોદશાના અને વ્યાકુળતાના છે. અનેક પૃષ્ઠો સુધી વ્યાપક આ અંગેના આલેખ જોતાં એમના મા—પ્રભુનાં દર્શનના તલસાટની તીવ્રતા સમજાય છે. એમાં દૈન્ય છે, આર્જવ છે, વિનવણી છે, પ્રણિપત છે. ઘણે સ્થળે એ કાવ્યકલ્પ સ્વરૂપ ધારણ કરે છે. એમના મા—પ્રભુનાં દર્શન માટેના તલસાટની રોજનીશીના એક દિવસના ઉદ્‌ગારો જોતાં ખ્યાલ આવશે. એ ઉદ્‌ગારો છે—

“મારા જેવા સાધારણ બાળકને તલસાવવામાં શી મજા છે? રણમાં ઊતરવાનું તો જે મહારથી કે શૂરવીર હોય તેની સામે જ સારું ગણાય છે. નિર્બળની સામે રણમાં ઊતરવામાં કયી બહાદુરી છે? રણની રમત તો બરોબરિયાની સાથે હોય. મારી શક્તિ તો કશી જ નથી. જપ, તપ, યોગ, યજ્ઞ કે ઉપાસના કશાનું મારામાં બળ નથી. જો બળ ગણો તો કાલીઘેલી ભાષામાં તમારે માટે પ્રાર્થનાનું ને મા મા કરીને પોકારવાનું જ છે. મા એટલે કરુણા ને મધુરતાની મૂર્તિ. આ વાત શું વિસરાઈ ગઈ? તો પછી માતા થઈને મારા જેવા બાળકને આટલું કેમ તપાવો છો?” આ ૪૪ દિવસની એમની વ્યથા આત્મકથામાં આત્મનિવેદનનો સર્વોચ્ચ અંશ છે. આવી સાધના પછી મા દર્શન આપ્યા વગર રહે?

એમની અભિવ્યક્તિમાં ઉપમા રૂપક આદિ અલંકારો અને વિશિષ્ટ વાક્યરચનાઓ સહજ રીતે ગૂંથાય છે. એમાં એમની વાણી ધારદાર અને અસરકારક તેમ જ ઘણીવાર ઉચિત રીતે રસમંડિત પણ બની છે. માતામહીની ચિતાના અનુસંધાનમાં કહે છે, ‘ચિતા એક જાતની યુનિવર્સિટી છે એમ કહીએ તો જરાયે અતિશયોક્તિભર્યું નથી. ફક્ત માણસમાં જરીક જાગૃતિ જોઈએ. તેની આંખ ઉઘાડી હોવી જોઈએ. આ જગતમાં ઘણા માણસો એવાં છે જે ઉઘાડી આંખે અંધ જેવું જીવન જીવી રહ્યાં છે.’ વડીલોપાર્જિત જમીન ખેડવાનું પોતે બંધ કર્યું તેના અનુ-સંધાનમાં કહે છે, ‘ના, હું ખેડૂત મટી ગયો નથી, કદાપિ નહિ. ઈશ્વરે એક પ્રકારની ખેતીને બદલે બીજા પ્રકારની ખેતી સોંપી છે એટલું જ. હવે આખા જીવનનો ખેડૂત છું ને સમગ્ર જીવનની ખેતી કરી રહ્યો છું. આ ખેતીની ઊપજ પણ કેવળ મારે માટે નહિ પણ સમસ્ત સંસાર માટે છે. આ આધ્યાત્મિક ખેતી ખૂબ અનેરી અને આશીર્વાદરૂપ છે. તેમાં જીવનની જમીનને સંયમ ને શ્રદ્ધાના હળ તથા બળદથી ખેડી, ઈશ્વરના પ્રેમનું બીજ વાવવું પડે છે. ભક્તિની વર્ષા તે પર વરસવા દઈને જ્ઞાનના સૂર્યનાં કિરણોનો લાભ લેવો પડે છે. ત્યારે તેમાં સિદ્ધિ, શક્તિ, શાંતિ, પરમાત્મપ્રાપ્તિ કે પૂર્ણતાનો પાક ઊતરે છે. ઈશ્વરની કૃપાથી એ ખેતી હજુ ચાલુ જ છે.’

સાહિત્ય રચવામાં પ્રોત્સાહન મળ્યું તેથી તેમાં રુચિ જાગી તે દર્શાવતાં કહે છે, ટીકાકાર કે વિવેચક ‘સાહિત્યકૃતિમાંથી દોષ ઊભા કરે ને તેના પર સખત શબ્દોના પ્રહાર કરવા માંડે છે. તેમાં જ તેમને આનંદ આવે છે. કોઈ હાથી મદોન્મત બનીને કોઈ કમળને સૂંઢમાં લઈને ધરતીમાંથી ખેંચી કાઢે ને ફેંકી દે તેવી તેમની દશા હોય છે.’ ગૃહપતિ પાસે જવાની મુશ્કેલી દર્શાવતાં કહે છે, ‘ઉપરી વિદ્યાર્થીને ગૃહપતિ પાસે પહોંચવાનું



કામ મહાભારતના મેદાનમાં જવા જેવું મોટું મનાતું.’ સાધનાના દિવસો લંબાતાં કહે છે, ‘તપેલી ધરતી જેમ વરસાદની રાહ જોઈ ઊભી રહે છે તેમ રોમરોમમાં રાગની રાગરાગિણી ભરીને તે પરમશક્તિની પૂર્ણ કૃપાની પ્રતીક્ષા કરીને વધારે ને વધારે તપવા સિવાય મારે માટે કોઈ માર્ગ ન હતો.’

પુણ્યધર્મી આ સંત લોકકલ્યાણના પરિવ્રાજક છે એટલે દેશ અને કાળની પરિસ્થિતિ અને રાષ્ટ્રના ઉત્થાનમાં તેઓ આંતરિક રીતે સંકળાયેલા છે એથી એક રાષ્ટ્રપ્રેમી તરીકે એમનું અવ્વલ વ્યક્તિત્વ આ કથામાં પ્રગટે છે. ગાંધીજીના એ ખૂબ પ્રશંસક છે અને એમના કાર્યમાં ઈપ્સિત સહાય ન કરી શકવાનો તેમ જ ગાંધીજીના મૃત્યુનો રંજ છવાયેલો છે. પ્રચ્છન્ન રીતે એમણે રાષ્ટ્રમાંગલ્યનું કાર્ય કર્યું છે. રાજકીય કટોકટીમાં આગળ કહ્યું તેમ ખરા ભવિષ્યવેત્તા નીવડ્યા છે.

પ્રભુજીની આત્મકથા બાહ્યયાત્રાથી વિશેષ અંતરયાત્રા છે. એ દૃષ્ટિએ એ મૂલ્યવાન છે. એમની પ્રશાંત, નિર્મળ, પ્રભાવક, સૌજન્યશીલ, ઉજ્જ્વળ, મહાજ્ઞાની, વિરલ સંતપુરુષની છબિ એમના આત્મચરિત્રમાંથી ઉપસે છે, જે પ્રેરણાના પીયૂષથી પ્લાવિત કરે છે. એમના સતત વિકસતા જતા બાહ્યાંતર વ્યક્તિત્વ-ના નિરૂપણને જોતાં આશ્ચર્યમાં ગરકાવ થઈ જવાય છે. અનેક પ્રકારના સાધનાના અનુભવો એમને ઊર્ધ્વયાત્રી તરીકે સ્થાપે છે. દિલીપકુમાર રોયે એક નવલકથા લખી છે, અધ્યાત્મના અંશો ધરાવતી, જેનું નામ Upward Spiral Journey–ઊર્ધ્વ સર્પિલ યાત્રા છે એ જ આ આત્મકથાનું આંતરિક સાચું સ્વરૂપ છે.

શીલ તેવી શૈલી, Writers style is the index of his personality–યથાર્થ રીતે એમની આ બૃહદ્ આત્મકથામાં પ્રગટ થાય છે. એમની ભાષા સાદી, સીધી, સરળ, નિરાડંબરી સત્યનિષ્ઠ છતાં ચિંતનસંભૃત રહી છે. તે સર્વથા અનવદ્ય છતાં ભારક્ષમ, અસ્ખલિત પ્રવાહબદ્ધ, વિશુદ્ધ સરિતાના પ્રશાંત

જળપટ જેવી શિષ્ટ, સંસ્કારી, વિવેકી કર્ણપ્રિય એમના લેખનમાં ક્યાંય સંકુલતા નહીં, ક્યાંય મૂંઝવણ કે સંદિગ્ધતા નહીં, સ્પષ્ટ સુરેખ અને લક્ષ્યગામી, નિરંતર પ્રેરક, રોચક પથદર્શક, વિનમ્ર-મધુર. એમની શૈલીમાં પ્રત્યક્ષીકરણ છે. એમની આત્મકથા વાંચતાં આપણી સમક્ષ પ્રભુજી વક્તવ્ય આપી રહ્યા છે અને એ વાણીના પવિત્ર પ્રવાહમાં આપણે પ્લાવિત થઈ રહ્યા છીએ, એવું અવશ્ય લાગે. ઉપરાંત ઘણે સ્થળે નાટ્યક્ષમતા પણ છે.

એમ. સુડોસ્કી મૌની સાધુએ રમણ મહર્ષિ પર એક પુસ્તક લખ્યું છે In Days of Great Peace.–તેમણે લખ્યું છે કે છેલ્લા શબ્દો મહર્ષિના લગભગ આ હતા. 'They say I am dying. But I shall be here more alive than ever. Where else would I go.'–રામકૃષ્ણ પરમહંસે પણ આવી જ મતલબનું કહ્યું છે કે 'હું ક્યાં કશે ગયો છું. હું એક ઓરડામાંથી બીજા ઓરડામાં ગયો છું.' આપણા રામકૃષ્ણ પરમ-હંસ પણ આ આત્મકથાદ્વારા આપણી પાસે જ અહીંકહીં છે.

છેવટે પ્રભુજીએ તો વિનમ્રપણે કહ્યું, 'જે આત્મકથાનું આલેખન કરે છે તેને પોતાને પણ ઘણું મહત્ત્વનું જાણવાનું મળે છે, તટસ્થ રીતે કરાતો પોતાના જીવનનો વિચાર શ્રેયસ્કર છે....માનવ-જીવનની ઉપયોગિતાની દૃષ્ટિએ એની કિંમત અસાધારણ લાગે છે. પણ પૂ. માએ એક સ્થળે કહ્યું છે તેમ 'પરમ વંદનીય આદરણીય મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે' આધ્યાત્મિક અનુભવોની અનોખી આચાર સંહિતા છે. એ આત્મકથાએ ભારતવર્ષના સનાતન સાધના, આધ્યાત્મિકતા, સંતપરંપરા અને હિમાલયનું ગૌરવ વધાર્યું છે.'

★ ★ ★

આ નિબંધમાં 'પ્રભુ' શબ્દ ઈશ્વર માટે અને 'પ્રભુજી' શબ્દ યોગેશ્વરજી માટે યોજાયો છે.

## પૂર પીડિતોને સર્વમંગલ ટ્રસ્ટદ્વારા સહાય

સુરત શહેર અને આસપાસના વિસ્તારમાં પાણીના પૂરના કારણે ખૂબ વ્યાપક પ્રમાણમાં જાનહાનિ અને માલમિલ્કતનું નુકશાન થયું છે. છેલ્લા સૈકામાં આવી અભૂતપૂર્વ પૂરની પરિસ્થિતિમાં સમગ્ર ગુજરાતમાંથી વિધ વિધ પ્રકારની સહાય પૂરપીડિત ભાઈબહેનોને પહોંચાડવામાં આવી છે.

પૂ. શ્રી માના આશીર્વાદ સાથે સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટદ્વારા પણ વડોદરા અને સુરત ધ્યાનકેન્દ્રના યુવકોની સેવા અને સહયોગથી ૪૦૦ પરિવારોને 'કીચન કીટ' વહેંચવામાં આવી. જેમાં ઘઉંનો લોટ, ચોખા, દાળ, તેલના પાઉચ, મીઠાની થેલી, મસાલા, બાકસ, મીણબત્તી જેવી આવશ્યક વસ્તુઓનો સમાવેશ થતો હતો.

સુરત ધ્યાનકેન્દ્રદ્વારા પણ સેવા કાર્યમાં લાગેલા સરકારી કર્મચારી-ઓને ભોજનની વ્યવસ્થા ફૂડ પેકેટદ્વારા પહોંચાડવાની પ્રશંસનીય કાર્યવાહી પણ શ્રી દર્શનાબેન, દીપકભાઈ વગેરેના માર્ગદર્શન નીચે આયોજિત કરવામાં આવેલ.

સેવામાં સહયોગ ધરનાર સૌને અભિનંદન. — સેવક ટ્રસ્ટી

મનુષ્યને ત્રણ મુખ્ય વસ્તુઓની આવશ્યકતા છે.—સુખ, શાન્તિ અને આનંદ, જે ક્યાંય બહાર મળતાં નથી. આત્માની અનુભૂતિ થતાં એ ત્રણે—સાધકને પોતાનામાંથી પ્રાપ્ત થઈ જાય છે.

— યોગેશ્વરજી

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'પરંતુ એ જાદુ તારા નામના જાદુ કરતાં વધારે પ્રબળ અને અસરકારક નહિ જ હોય. રાધાના રસમય નામમાં જે સંમોહક શક્તિ સમાયેલી છે તે કૃષ્ણ નામમાં નથી જ. રાધા કોઈ નામ થોડું જ છે? એ તો એક પરમમધુર, મહાન, મંગલમય, મંત્ર.'

'મને તો કૃષ્ણ નામ જ મધુર, મહાન ને મંત્રમય લાગે છે.'

એનો અર્થ એ થયો કે કૃષ્ણ અને રાધા બંનેનાં નામ એક-સરખાં સુમધુર, મહાન ને મંત્રમય છે. અમારે માટે તો બંને નામ સરસ અને સુંદર છે. એટલું ખરું કે કૃષ્ણને માટે રાધાનું ને રાધાને માટે કૃષ્ણનું નામ વિશેષ સુખદ અને સંમોહક છે. બંનેએ એ હકીકતને માન્ય રાખી એ ઓછા આનંદનો વિષય નથી લાગતો.'રાધાની પ્રિય સખી વચ્ચે જ બોલી ઊઠી.

એના શબ્દો ખૂબ જ ભાવભરેલાં અને સમયાનુરૂપ હતા.

કૃષ્ણે એને પૂછ્યું:

'તારું નામ?'

'મારું નામ ?' ''સુપ્રિયા''

'ઘણું સરસ નામ છે.'

જે સ્વયં સરસ હોય તેને બધાં નામ સરસ જ લાગે.'

'ના. એવું નથી. તારું નામ સાચેસાચ સરસ છે.'

પરંતુ તમારા બંનેનાં નામ જેટલું સરસ નથી જ.'

'તોપણ તમને બંનેને પ્રથમ મેળાપ વખતે એકમેકના નામ ગમ્યાં અને એકમેક પ્રત્યે અણીશુદ્ધ સ્નેહ જાગ્યો એ જોઈને



રાધાની એક સામાન્ય સખી તરીકે મને આનંદ થાય છે.'

'તું કોઈ સામાન્ય સખી નથી, અસામાન્ય છે.'

હું સામાન્ય રહું એમાં જ મને આનંદ લાગે છે. રાધા જેવી સર્વોત્તમ, સર્વાંગસુંદર, સર્વગુણસંપન્ન દેવકન્યાની એક સામાન્ય સખી બનવાનું સૌભાગ્ય કાંઈ જેનેતેને નથી સાંપડતું. એનો પરમકલ્યાણકારક સ્નેહ કાંઈ જેનેતેને નથી મળતો. તેને માટે મહાન ભાગ્ય જોઈએ કે પૂર્વનાં પુણ્ય જોઈએ.'

'વાહ સુપ્રિયા! તારો આત્મા પણ અલૌકિક છે. રાધાની સખી થવા માટે તું સર્વથા યોગ્ય જ છે. પ્રથમ મેળાપ વખતે જ તું રાધાની જેમ મને ગમી ગઈ ને મારા મનમાં વસી ગઈ.'

'હું મનમાં વસી જઈશ તો રાધા શું કરશે?'

'એનું આસન અંતરમાં રહેશે.'

'ખરેખર?'

'હા.'

સુપ્રિયાનું મુખમંડળ ખીલી ઊઠ્યું.

### અનુરાગ

કૃષ્ણના શબ્દો સાંભળીને સુપ્રિયાને અતિશય આનંદ થયો.

એના અંતરમાં જાણે કે અમૃતવર્ષણ થઈ રહ્યું.

એના શ્રવણને પરમસુખ સાંપડ્યું ને એનો પ્રાણ પ્રસન્નતાથી પુલક્તિ બની ગયો.

રોમેરોમમાં રસનો રમણીય રાસ રમવા માંડ્યો.

એણે રાધા તરફ અતિશય મમતા ભરેલી દૃષ્ટિથી જોયું તો એની દશા પણ એને એવી જ લાગી.

રાધાના અંતરમાં અને અણુઅણુમાં પણ અસાધારણ નર્તન

થઈ રહેલું. એમાં કોઈ મંગલમય મહામુલા મહોત્સવનો આરંભ થયેલો.

એના પ્રાણના પ્રત્યેક પરમાણુમાંથી પોકારીને એને કહી રહેલોઃ

'રાધા, આવી સુધામય સુંદર સ્વર્ણ ક્ષણો જીવનમાં વારંવાર નથી આવતી. તું જ કહેને તારા જીવનમાં આવી ક્ષણો આ પહેલાં ક્યારે આવેલી! આ ધન્ય ક્ષણો દૈવના અસાધારણ અનુગ્રહરૂપ છે.'

રાધા કૃષ્ણને નીરખી રહી ને કૃષ્ણ રાધાને નિહાળી રહ્યો.

બંને શાંત રહ્યાં.

કાલિન્દીના કમનીય કિનારા પર કાળક્રમે અલગ પડેલા બે અનુરાગપ્રધાન આત્માઓ પાછા એક થયા કે ભેગા મળ્યા. એ પુનર્મિલનને પરિણામે બંનેને જે સર્વોત્તમ સુખ સાંપડ્યું અને અસાધારણ આહ્લાદ મળ્યો એનું વર્ણન કરવું મુશ્કેલ હતું.

બંનેની આંખ અનુરાગથી અંજાઈ ગઈ.

બંનેને થયું કે એકમેકથી અલગ થઈએ જ નહિ. પરંતુ એવું સૌભાગ્ય ક્યાં હતું?

રાધા પોતાની સખી સુપ્રિયા સાથે કૃષ્ણની વિદાય લેવા તૈયાર થઈ ત્યારે કૃષ્ણનું હૈયું ભરાઈ આવ્યું.

એમણે કહ્યું:

'પ્રેમની આવી પવિત્ર ને પ્રખર લાગણી મારે માટે આજ સુધી બીજા કોઈએ નથી બતાવી. એને માટે તારો ઋણી છું. તું વિદાય થાય છે તે મને નથી ગમતું. છતાં બીજો કોઈ ઉપાય નથી. ફરી ક્યારે આવીશ?'



રાધાએ આર્દ્ર સ્વરે કહ્યું:

'કાલે. કાલે આ સમયે.'

'ક્યાં?'

'અહીં જ.'

કૃષ્ણના મુખ પર સ્મિત ફરી વળ્યું.

રાધા થોડાક વખત પછી બોલીઃ

'મને પોતાને પણ અહીંથી જવાનું ગમતું તો નથી જ છતા જવું પડશે. જીવ બધું જ પોતાની ઈચ્છા કે યોજના પ્રમાણે થોડું જ કરી શકે છે? આપણા મેળાપની આજની પાવન પળોને મારાથી કદી પણ નહિ ભૂલી શકાય. એ મારા નાનકડા છતાં રસ ભરેલા હૃદયમાં ગુંજતી જ રહેશે. એ મને આનંદ આપશે, પ્રેરણા પાશે, ને મારા અત્યાર સુધીના જીવનની ઉત્સવક્ષણો બની ગઈ. એ ક્ષણોએ મારા પ્રિય પ્રદાર્થનો પરિચય કરાવી દીધો. આ નિર્મળ નીરવાળી યમુના, એનો સુંદર શાંત તટપ્રદેશ, આ કદંબ, ગાયો, ગોપબાલો આ બંશીનાદ અને એને જગાવનાર નંદયશોદાનંદન કૃષ્ણ, એમાંનું કશુંય મારાથી નહીં ભૂલી શકાય. એ બધુ મને અનેરો આનંદ આપનારું થયું મારા જીવનમાં અમર બની ગયું. આ આનંદને છોડીને જવાનું મન તો નથી થતું પણ નિરુપાય છું. અહીંથી જઉં છું તો ખરી પરંતુ અહીંના આનંદાનુભવને સાથે લેતી જઉં છું.'

**(ક્રમશઃ)**